
સંતવાણી ગ્રંથાવલિ ૫

# ભગવાન મહાવીર



# ભગવાન મહાવીર

## (Bhagavan Mahavir)

મીરા ભટ્ટ
(ભાવનગર)

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.

**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**બાર રૂપિયા**

© ગુજરાત દિવ્ય જીવન સંઘ

ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. પરમ સૌમ્યની મૂર્તિ | ૧ |
| ૨. ઐતિહાસિક પાર્શ્વભૂમિ | ૩ |
| ૩. પૂર્વ પર્વની અપૂર્વ લીલા | ૭ |
| ૪. વર્ધમાન મહાવીર બને છે | ૧૬ |
| ૫. સ્વસ્થાને સ્થિર કરતી તપોપૂત સાધના | ૨૩ |
| ૬. કૈવલ્યપ્રાપ્તિ | ૨૮ |
| ૭. કૈવલ્યપ્રાપ્તિ પછીનું પ્રબોધનપર્વ | ૪૫ |
| ૮. મહાપ્રયાણોત્સવ | ૫૯ |
| ૯. મહાવીર વાણી | ૬૬ |

# ૧. પરમ સૌમ્યની મૂર્તિ

તમે કોઈ સાગરમાં મહાસાગર, પર્વતમાં મહાપર્વત, આકાશમાં મહાકાશ છુપાયેલાં જોયાં છે? જ્યારે જ્યારે મહાવીર સ્વામીની મૂર્તિ નજર સામે આવીને ઊભી રહે છે ત્યારે અનુભવાય છે કે આ દેખાતી સાત ફૂટ ઊંચી કાયાની ભીતર અનંત ફૂટ ઊંચી એક બીજી કાયા છુપાયેલી છે, જેના છેડા અસીમતા અને શાશ્વતીને જઈને અડે છે. અદ્દભુત છે આ અંતિમ તીર્થંકરનું વ્યક્તિત્વ. એ છે અને છતાંય જાણે નથી. પોતાની હસ્તીને ઓગાળતા જઈ એ એટલા બધા નામશેષ બનતા જાય છે કે છેવટે ઉપસ્થિત હોવા છતાં જાણે એ અનુપસ્થિત છે. એમના દેખીતા રૂપની પાછળ અરૂપનો મહાસાગર ઊછળે છે.

'હોવું છતાં ના-હોવું' - જીવનની આ અદ્દભુત ઘટના છે, વિરલ ઘટના છે. ૨૫૦૦ વર્ષ પહેલાં ભારત દેશના પૂર્વાંચલ પ્રદેશમાં આ પ્રતિભા પ્રગટી. મહાવીરના જીવનની આંજી નાખનારી સ્થૂળ ઘટનાઓ તો બહુ ઓછી, ગણીગાંઠી છે, પણ મહાવીરનું મહાવીરત્વ એમના જીવનની સ્થૂળ ઘટનાઓમાં છે એના કરતાં અનંત ગણું વીરત્વ એની ભીતર ઘટેલી ઘટનાઓમાં છે. નાનપણથી જ લાગે છે કે વર્ધમાન સાચે જ વૃદ્ધિ પામીને જ પૃથ્વી પર ઊતરી આવ્યા છે. જીવનની યાત્રા જાણે પૂર્વજીવનમાં જ પૂરી થઈ ગઈ છે. હવે આવ્યા છે તો જાણે કાંઈક આપવા, ખુલ્લે હાથે છૂટું વેરી દેવા !

મહાવીર સ્વામીના વ્યક્તિત્વમાં મુખ્ય ચીજ કોઈ દેખાતી હોય તો તે છે સમત્વ. સમત્વની પીઠિકા ઉપર પલાંઠી વાળીને

આ તીર્થંકર સમાધિસ્થ બેઠા છે. એમના આ સમત્વની કૂંચી સમાઈ છે એમના સ્યાદ્વાદમાં, અનેકાન્તવાદમાં. 'હું કહું છું તે જ સાચું' એમ નહીં, 'તમે કહો છો કદાચ તે પણ સાચું હોય.' આ છે સ્યાદ્વાદ. 'આ પણ સાચું, તે પણ સાચું' – આમ કહીને આ માણસ પોતાના અંતરમાં વિપરીતોનો સંઘરો કરે છે. જગતના દેખાતા તમામ વિરોધાભાસોને અંતરમાં ઓગાળી દઈ જીવનનું એક મહાસત્ય એ તારવી લાવે છે. આ છે એમની ખૂબી. એમની સામે હવે કોઈ વિરોધ નથી. એમના બધા શત્રુઓ મટી ગયા છે, ત્યારે તો એ 'અરિહંત' ગણાયા છે. એમને કોઈ દુશ્મન નથી, કોઈ વિરોધ નથી, એમને માટે જીવન એ સંઘર્ષ નથી અને એ સંઘર્ષ હોય, લડાઈ હોય તોપણ મહાવીર એ લડાઈ લડવા નથી આવ્યા, લડાઈ જીતવા આવ્યા છે. માટે જ એ 'જિન' છે. લડ્યા સિવાય લડાઈ જીતવાની અદ્દ્ભુત, અતિ અદ્દ્ભુત સાધનાપ્રક્રિયા ભગવાન મહાવીરની વિચારધારામાં છે. ભારતની ભૂમિ ઉપર જીવનનો આ નવો અભિગમ દાખવીને આ મહાપુરુષે જગત આખા ઉપર એક મહાન ઉપકાર કર્યો છે.

મહાવીર પ્રભુ એટલે નિતાંત સ્વસ્થતાની જાણે જીવતીજાગતિ મૂર્તિ ! આત્મસ્થ મનુષ્ય કેવો હોય એનો આદર્શ મહાવીરમાં જડે છે. બહિર્જગતમાં આવવા માટે એમને મથવું પડે છે, એટલો એમનો અંતર્વાસ સ્વાભાવિક બની ગયો છે. આત્મચેતનાને ભૌતિક ચેતનાના સ્તર પર એ પ્રયત્નપૂર્વક લાવે છે. માનવદેહમાં આટલી બધી સ્વસ્થતા, આત્મસ્થતા શક્ય છે, એ સંભાવનાની ક્ષિતિજો આ પુણ્ય-પુરુષે ખોલી બતાવી છે. સતત તાણ, તંગદિલી અને અજંપાભર્યા આજના માનવીય જીવનમાં મહાવીર સ્વામીની વિચારધારા માનવજાતને

દીવાદાંડીરૂપ બની શકે તેમ છે. આવા ધર્મવીરની જીવનગાથા શબ્દોમાં કેદ કરી શકાય જ નહીં કારણ કે એમાં જે કાંઈ જ્ઞાત હોય તે કરતાં અનેકગણું ક્ષેત્ર અજ્ઞાત જ હોય! છતાંય કાળગંગાના કાંઠે ખેંચાઈ આવીને જે કાંઈ હાથ લાગી શકે તેમ છે, તેને મહાતીર્થ સમજી પવિત્ર થઈએ.

જૈન ધર્મ એ મહાવીરે સ્થાપેલો ધર્મ નથી. મહાવીરના જન્મ પહેલાં જ જૈન ધર્મ પ્રચલિત હતો. મહાવીરે તો જૈન ધર્મનું નવસંસ્કરણ કર્યું. મહાવીર પહેલાંની જૈનપ્રણાલીમાં મુખ્ય ચાર વ્રતો હતાં - અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ. મહાવીર એમાં બ્રહ્મચર્યને જોડી પંચમહાવ્રત પ્રબોધે છે. આ પાંચેય મહાવ્રતોને જીવનમાં સંક્રાંત કરી પરમ સૌમ્યને તીરે પોતાની જીવનનૌકા લાંગરનાર આ પરમવીરને કોટિશ: પ્રણામ !

## ૨. ઐતિહાસિક પાર્શ્વભૂમિ

ભારતમાં ઈ. સ. પૂર્વે સાતમા સૈકાના અરસામાં ગંગા નદીને ઉત્તર કાંઠે લિચ્છવીઓનું એક પ્રતાપી ગણસત્તાક રાજ્ય અસ્તિત્વમાં આવ્યું હતું. આજનો જે બિહાર પ્રદેશ તે વખતે તે મગધના રાજ્ય તરીકે ઓળખાતો. તેની રાજધાની વૈશાલીમાં હતી. એની દક્ષિણે ગંગા નદી અને ઉત્તરે હિમાલય આવેલો હતો. આ વૈશાલી હાલના પટણા શહેરથી ૨૭ માઈલ ઉત્તરે આવેલું છે.

આજે આપણે સૌ વર્તમાન સંસદીય લોકશાહીને અત્યાર સુધીની સર્વોત્તમ રાજ્યપદ્ધતિ તરીકે મૂલવીએ છીએ, પરંતુ આ લોકશાહીનાં સારભૂત તત્ત્વો ભારતના આ પ્રાચીન ગણરાજ્ય-

પદ્ધતિમાં જડી આવે છે. ભારતીય સંસ્કૃતિ અતિપ્રાચીન હોવાને લીધે જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોના અનુભવોમાંથી પસાર થયેલા પ્રયોગો આપણે ત્યાં સાંપડે છે, એમાં આ ગણરાજ્યનો પ્રયોગ પણ છે. ગણરાજ્યમાં વંશપરંપરાથી ચાલ્યો આવતો કોઈ રાજા જ રાજ્ય કરે તેવું નહોતું. તમામ રાજ્યસત્તા નાગરિકોના 'ગણ' એટલે કે 'સંઘ'ના હાથમાં હતી. એ સંઘનો દરેક સભ્ય 'રાજા' કહેવાતો. તેઓ સંથાગાર નામના રાજભવનમાં એકઠા થતા અને રાજ્યવહીવટની કે બીજી સામાજિક-ધાર્મિક બાબતો અંગે ચર્ચાઓ તેમ જ નિર્ણયો કરતા. આ લિચ્છવીઓ વસિષ્ઠગોત્રી સૂર્યવંશી ક્ષત્રિયો હતા તથા ઇક્ષ્વાકુના વંશજો ગણાતા. પહેલાં આ લિચ્છવીઓ વિદેહોના નામથી જ ઓળખાતા હતા. ઉપનિષદ કાળમાં વિદેહરાજ જનકની કીર્તિ ચારેય દિશામાં ફેલાયેલી હતી. ચોમેરથી વિદ્વજ્જનો જનકના દરબારમાં જ્ઞાનચર્ચાઓ કરતા. એની કથાઓથી બૃહદારણ્યકોપનિષદનો ત્રીજો ખંડ ભરાયેલો છે. આ જ વિદેહવંશના માતૃકુળમાં 'મહાવીર'નો જન્મ થયો.

દરેક લિચ્છવીકુમાર જ્યારે પુખ્ત થતો ત્યારે તે પોતાના બાપનું પદ લેતો, અને એક ખાસ તળાવના પાણીથી તેનો અભિષેક કરવામાં આવતો. જુદા જુદા ક્ષેત્રના વહીવટ માટે તેઓ સમિતિઓ રચી દઈ કાર્યવિભાજન કરતા. એક મુખ્ય કારોબારી સભા પણ આઠ કે દશ સભ્યોની રહેતી. આવી ગણસત્તાક પદ્ધતિનાં મૂળ પણ વેદોમાં સાંપડે છે અને એ જોઈ આશ્ચર્યમાં ડૂબી જવાય છે કે આપણા પુરાણપુરુષોએ કેટકેટલું ઊંડું, મૂળગામી અને વળી વ્યાપક ચિંતન કર્યું છે! ઋગ્વેદ(૧૦-૯-૧૬)માં આવે છે કે, ''જેવી રીતે રાજાઓ સમિતિમાં એકઠા થાય છે, તેવી રીતે વૈદ્યમાં ઔષધિઓ ભેગી થાય છે.'' આ

સૂત્રમાં સંકેત સાંપડે છે કે કોઈ એકના સર્વસત્તાધીશ એકચક્રીપણા હેઠળની હકૂમત નહીં, પણ અનેક સભ્યોની એકત્ર હકૂમત હેઠળ વહીવટ વૈદિક યુગમાં ચાલતો હશે.

બધા રાજાઓના સમૂહમાંથી સર્વોપરી પ્રમુખ કે મુખ્ય એવો એક અંતિમ 'રાજા' પસંદ કરવામાં આવતો અને છેવટનો નિર્ણય તેની પાસે રહેતો. વૈશાલીના લિચ્છવીઓનું આ ગણરાજ્યોમાં એક વિશિષ્ટ સ્થાન હતું. વૈશાલીમાં જન્મવાને કારણે મહાવીર 'વૈશાલિક'ના નામે પણ ઓળખાય છે. બુદ્ધકાલીન સાહિત્યમાં તો આ વૈશાલીમાં સોનાના કળશવાળાં ૭,૦૦૦ ઘરો, રૂપાના કળશવાળાં ૧૪,૦૦૦ ઘરો, અને તાંબાના કળશવાળાં ૨૧,૦૦૦ ઘરોનો ઉલ્લેખ છે. ભગવાન બુદ્ધને વૈશાલી ખૂબ પ્રિય હતું. જીવનના અંતિમ પર્વમાં વૈશાલીમાંથી છેલ્લી ભિક્ષા લઈને નગર બહાર નીકળે છે ત્યારે એ કહે છે : "હે આનંદ ! તથાગત વૈશાલીને છેલ્લી વાર જુએ છે!" ભગવાન મહાવીરે પણ પોતાના ૪૨ ચાતુર્માસોમાંથી બાર જેટલા ચાતુર્માસ વૈશાલીમાં જ ગાળ્યા હતા. વૈશાલીના લિચ્છવીઓને અનુલક્ષી એક વખત ભગવાન બુદ્ધે કહ્યું હતું: "ભિક્ષુઓ ! આ લિચ્છવીઓ સમૃદ્ધિ અને રિદ્ધિસિદ્ધિમાં દેવો સમાન છે. સોનાનાં છત્રો, સોને મઢેલી પાલખીઓ, સોને જડેલા રથો તથા હાથીઓ સમેતના આ લિચ્છવીઓને જુઓ. નાના-મોટા-વચેટ એવા બધી ઉંમરના આ લિચ્છવીઓ આભૂષણોથી શણગારાઈ રંગીન વસ્ત્રોમાં આવી રહ્યા છે. તેઓ વારંવાર સંમેલન કરે છે, સાથે જ બેસી વહીવટ ચલાવે છે. જે કાયદો ઘડ્યો હોય તેનો ઉચ્છેદ નથી કરતા, પૂર્વજોની સારી પરંપરા નભાવે છે. વડીલોને માનસન્માન, સ્ત્રીઓની મર્યાદા વગેરે કુળધર્મો પાળે છે. હે આનંદ, જ્યાં સુધી લિચ્છવીઓ આ બધું કરે છે ત્યાં સુધી તેમની ઉન્નતિ જ થશે."

આવા કુળમાં ક્ષત્રિયકુંડ ગામના સિદ્ધાર્થ નામે એક રાજા થઈ ગયા. તેમને ત્રિશલા નામનાં પટરાણી હતાં. તે વખતે ભગવાન પાર્શ્વનાથનો જૈન ધર્મ ત્યાં પ્રચલિત હતો અને આ રાજારાણી બંને પાર્શ્વનાથનાં અનુયાયી ભક્ત હતાં. માતા ત્રિશલાને ગર્ભાવસ્થામાં જ ચૌદ મહાસ્વપ્ન આવે છે, જેમાં સફેદ હાથી, સફેદ બળદ, લક્ષ્મીમાતા, પુષ્પમાળા, સૂર્ય, અગ્નિ વગેરેનાં દર્શન થાય છે. સ્વપ્નો તો સાંકેતિક હોય છે, મોટે ભાગે તો સ્વપ્નમાં આંતર્મનની અપેક્ષાઓ જ વ્યક્ત થતી હોય છે. પરંતુ ક્યારેક ભાવિ ઘટનાઓના સંકેત પણ એમાં અંકિત થઈ જતા હોય છે. બીજે દિવસે ત્રિશલાદેવી પોતાના પતિને આ સ્વપ્નની વાત કરે છે. મહારાજા તરત જ સ્વપ્નશાસ્ત્રીઓને બોલાવે છે. અને તેઓ સૌ એકમતે પોતાનો મત જાહેર કરે છે: ''રાણીમાની કૂખે જન્મનાર બાળક કાં તો દિગ્વિજયી ચક્રવર્તી સમ્રાટ થશે, કાં મહાન તીર્થંકર થશે. આવનાર સંતાન બધાં શાસ્ત્રોનો જાણનાર, મજબૂત બાંધાવાળો, સુલક્ષણો, તેજસ્વી, સર્વગુણસંપન્ન, કુળદીપક હશે.'' ગર્ભાવસ્થા દરમિયાન માતાના ચિત્તમાં શુભ સંકલ્પો પણ ઊઠે છે, ''ચારે દિશામાં પશુપંખી મરે નહીં એવી અ-મારી ઘોષણા કરાવું; ગરીબ તથા સાધુસંતો માટે દાનગંગા વહાવું, તીર્થંકર પ્રભુની પૂજા કરાવું!'' – રાજા પણ પોતાની રાણીના બધા દોહદો પૂરા કરવાની કાળજી લેતા. 'પુત્રનાં લક્ષણ પારણામાંથી નહીં પણ' ગર્ભાવાસમાંથી' સિદ્ધ કરતાં હોય તેમ આ કાળ દરમિયાન રાજ્યના જુદા જુદા વિભાગોમાંથી – ભૂગર્ભમાંથી દ્રવ્યભંડારો પ્રાપ્ત થવા માંડ્યા. આથી રાજ્યની સમૃદ્ધિમાં વધારો થયો, કુટુંબની સ્થિતિમાં પણ ઉત્તરોત્તર વૃદ્ધિ થતી ગઈ એટલે રાજારાણી બાળકના જન્મ પહેલાં જ નક્કી કરે છે કે, ''આ બાળક કૂખમાં આવ્યો ત્યારથી

ધનધાન્યની બાબતમાં સતત વૃદ્ધિ થવાને લીધે આપણે સમૃદ્ધ થતાં રહ્યાં છીએ, એટલે આ બાળકનું નામ આપણે 'વર્ધમાન' રાખીશું. ત્યારે એ માતાપિતાને આ જાણ નહોતી કે એમનો કુળદીપક જગત આખાનો વિશ્વદીપ બનશે અને માનવતાના ખજાનાને સમૃદ્ધ કરનાર, દિવ્યતાની રિદ્ધિસિદ્ધિમાં વૃદ્ધિ કરનાર, 'વર્ધમાન' સિદ્ધ થશે.

## ૩. પૂર્વ પર્વની અપૂર્વ લીલા

આમ માતાપિતાની તેમ જ લોકોના ચિત્તમાં પણ મંગળમય એંધાણોની ઉત્સુકતા વ્યાપેલી હતી, તેવા સંજોગોમાં ચૈત્ર સુદ તેરસને દિવસે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં ત્રિશલામાતાની કૂખે પુત્રનો જન્મ થયો. નામ તો નક્કી હતું જ - વર્ધમાન. પુત્રના જન્મની વધામણીમાં રાજાએ પોતાના તાબાના તમામ કેદીઓને છોડી મૂક્યા. સઘળા દેવાદારોનાં દેવાં માફ કરી દીધાં. ઘરમાં તથા બહાર દશ દિવસનો ભારે મહોત્સવ યોજાયો. સર્વત્ર આનંદ, ગીત, નૃત્યો તથા નાટકોની ઉત્સવહેલી રેલાઈ. સાધુસંતોનું બહુમાન, દીન-હીન-ગરીબોને મહાદાન... આ બધું પણ ચાલ્યું.

વર્ધમાનને એક મોટા ભાઈ નંદીવર્ધન તથા બહેન સુદર્શના હતાં. કુટુંબમાં જૈન ધર્મના સંસ્કાર હતા, આચારધર્મ પાળવાની કોશિશ હતી. રાજકુટુંબનાં સંતાનોને ભૌતિક તુષ્ટિ-પુષ્ટિનો પ્રશ્ન તો ન જ હોય, પણ આ કુટુંબમાં તો આત્મિક પોષણ પણ ભારોભાર મળી રહેતું. ધર્મ એ કોઈ જડ ક્રિયાકાંડ તો નથી જ, વ્યક્તિને નખશિખ બદલી નાખી શકવાની સમર્થતા ધરાવનારું

એ પરમવિજ્ઞાન છે, એ વાતની અહીં પ્રતીતિ મળતી.

જૈન ધર્મનાં આવાં ત્યાગ અને તપસ્યા, વ્રત અને સંકલ્પોવાળા સંયમશીલ ધર્મપૂર્ણ વાતાવરણમાં વર્ધમાનનું બાળપણ વધવા લાગ્યું. જન્મથી જ દેહનો બાંધો સુદૃઢ, ભરાવદાર, ઊંચો અને સર્વાંગસુંદર હતો. શરીરનો વર્ણ તપાવેલા સુવર્ણ જેવો હતો. એમના શરીરના રોમેરોમમાંથી શક્તિ ઝરતી. વીરત્વ જાણે એ જન્મથી જ સાથે લઈને જન્મ્યા હતા. બીક નામની ચીજ સાથે તો જાણે એમને આંખનીય ઓળખાણ નહોતી. અતુલ પરાક્રમની પ્રેરણા એમના રોમેરોમમાંથી જાગતી અને દેહના કણેકણમાંથી શક્તિનો સ્રોત જાણે ફૂટતો.

બાળપણનો જ એ પ્રસંગ છે. જાણીતો પ્રસંગ છે. પોતાના ભાઈબંધો સાથે વૈશાલી નગરની બહારના ઉદ્યાનમાં આમલી-પીપળી રમત રમાય છે. છોકરાઓ આસપાસનાં ઝાડ ઉપર સંતાઈ જવા ચઢઊતર કરે છે, ત્યાં વર્ધમાન જે ડાળ ઉપર ચડ્યો છે, ત્યાં જ થડની આસપાસ વીંટળાઈ વળેલો એક લાંબો સાપ ફૂંફાડા મારતો આગળ ધપે છે. બીજાં બાળકો તો ગભરાઈ જઈ ટપોટપ નીચે ઊતરી નાસતાં નાસતાં કહે છે : ''અરે વર્ધમાન, લાંબો મોટો સાપ છે. તું નીચે ના ઊતરતો. બને તેટલો ઉપર પહોંચી જા. અમે કોઈ મોટાને તેડી લાવીએ છીએ.''

પણ સામે પરાક્રમનો અવસર હોય અને વીરત્વ મ્યાનમાં બંધ રહે તેવું શક્ય ક્યાંથી ? વર્ધમાને કહ્યું : ''દોસ્તો, ગભરાશો નહીં, હમણાં જ સાપને નસાડી મૂકું છું.'' છોકરાઓ કાંઈ બોલે-કરે તે પહેલાં તો વર્ધમાને પેલા ફૂંફાડા મારતા સાપને હાથેથી જ હળવેક રહીને ઉપાડ્યો અને ઊંચકીને દૂર ઝાડીમાં ફંગોળી દીધો. સાપ તો સડસડાટ ઝાડીની અંદર અદૃશ્ય થઈ ગયો. બીજા દોસ્તદારો તો ફાટી આંખે જોઈ જ રહ્યા, પણ જાણે

ખાસ કશું ન બન્યું હોય તેમ વર્ધમાને કહ્યું : ''ચાલો, દાવ પૂરો કરીએ.''

સાત વર્ષની ઉંમરના બાળકની નિર્ભયતા, વીરતા તથા સાહસનો આ પ્રથમ પરિચય, જે સર્વસાધારણ કરતાં કાંઈક સવિશેષ. આ વીરત્વની યાત્રા મહાવીરત્વ પામવાની મહાયાત્રામાં કેવી રીતે પરિણમે છે તે સાધકો માટેનો સંશોધનનો વિષય બની જાય છે. વીરત્વ, નીડરત્વ, સદાસર્વદા નિર્દોષ જ હોય છે, તેવું નથી. રાજા કંસ કે રાવણ કાંઈ ઓછા બહાદુર, નીડર કે પરાક્રમી નહોતા. વીરતા એ શક્તિ છે. શક્તિનો સદુપયોગ પણ થઈ શકે, દુરુપયોગ પણ થઈ શકે. અને શક્તિના સદુપયોગ-દુરુપયોગ કરનારા સજ્જનો-દુર્જનો તો આ પૃથ્વી પર અનેક થઈ ગયા છે. પણ મહાવીરની ખૂબી હોય તો એ છે કે એમણે શક્તિનો સદુપયોગ નહીં, શક્તિનું રૂપાંતર કર્યું અને વીરતા નામની શક્તિને જીવનના એક એવા ક્ષેત્રમાં લાવીને મૂકી દીધી, જ્યાંથી માનવતા નવી છલાંગો ભરી ઊંચી ઊઠી શકે. વીરતા દાખવીને માણસો ઉત્તમ માનવ બની શકે છે, પણ મહાવીરતા દાખવીને વર્ધમાને ઉત્તમોત્તમ માનવતાનો રાહ જગતને ચીંધ્યો. એમના વ્યક્તિત્વમાં રહેલી શક્તિને એમણે જીવનના વિધાયક ક્ષેત્રમાં સીંચી અને પરિણામે જગતને લાધ્યું એક અનુપમ, અખંડિત વ્યક્તિત્વ, જે પોતાના મૂળ સ્વરૂપમાં મહામેરુની જેમ અસ્થિર રહી જગત આખાને વીંટળાઈ વળે તેવો જ્ઞાનનો સાગર ફેલાવી દે છે. જૈન ધર્મનું મહાવીર દ્વારા થયેલું નવસંસ્કરણ એ આંતરિક શક્તિનો સ્ફોટ માત્ર છે.

કેવળ શારીરિક પરાક્રમોની બાબતમાં જ નહીં, જ્ઞાનક્ષેત્રમાં પણ વર્ધમાન આવા જ એક આશાસ્પદ, તેજસ્વી અને અગ્રેસર હતા. કહેવાય છે કે નવ વર્ષની ઉંમરે તો એમણે વ્યાકરણ શીખી

લીધું હતું. એમના ગુરુ વ્યાકરણ અંગે સવાલો પૂછતા તો એવા જવાબો મળતા જે પોતે પણ એટલી વિગતે જાણતા ના હોય. શિષ્યને મુખે નીકળતા ઉત્તરો સંકલિત કરીને ગુરુદેવે એક નવું વ્યાકરણ રચ્યું. આવી બુદ્ધિપ્રતિભા હતી આ બાળકની ! ગુરુને થયું કે આવા બાળકને હું શું શીખવું. એટલે 'ચાર દીવાલોની શાળા'માંથી વર્ધમાન મુક્ત થાય છે. પણ એમને માટે તો વિશ્વ સ્વયં વિદ્યાલય જ હતું. ધીરે ધીરે જગત એની પાંખડીઓ એમની સમક્ષ ખોલતું જતું હતું. ક્ષત્રિય રાજકુમાર માટેની શસ્ત્રવિદ્યા કે રાજવિદ્યામાં સમાઈ જઈ સમાપ્ત થઈ જાય તેવડું નાનકડું મર્યાદિત ગજું તો આ કુમારનું હતું નહીં. પાછળથી પ્રબોધેલા ઉપદેશોમાં આનો સંકેત જડી આવે છે. જ્યારે તેઓ કહે છે : ''પ્રાણીઓના નાશ માટે શસ્ત્રવિદ્યા શીખવામાં કે કામભોગો માટે માયાદિ આચરવામાં કે સંયમરહિત થઈ, વૈરભાવે આચરવામાં આવેલું પરાક્રમ સંસાર તો પ્રાપ્ત કરાવે છે; પણ સમજુ માણસ તો સમજે છે કે શ્રેષ્ઠ પુરુષોએ આચરેલા આર્ય ધર્મનું શરણ લઈ પાપકર્મરૂપ કાંટાને મૂળમાંથી ખેંચી કાઢવા પ્રબળ પુરુષાર્થ કરવો એ જ સાચું વીરત્વ છે.'' જીવનને રૂંધનારાં તત્ત્વો તથા જીવનને પોષનારાં તત્ત્વોનો વિવેક આ બાળકની જાણે પૂર્વકમાણી હોય તેવું લાગે છે. એ તો પૃથ્વી પર આવ્યો છે જીવનને પૂરેપૂરું ખીલવવા. ગુલાબના ફૂલની એક પણ પાંદડી અધખીલી રહે તે એને કેમ પોષાય ? જીવનપુષ્પને એણે ખીલવવું છે, અને એ ખીલવવા આડે જે કાંઈ અંતરાય આવે છે તે એને માટે પાપ છે. એ સારી પેઠે જાણે છે કે મારા જીવનના ફૂલને પૂર્ણપણે ખીલવવું હશે તો સૌ પહેલાં મૂળને ભૂમિમાં સ્થિર કરવું પડશે. મૂળારોપણની આ પ્રક્રિયા એમના ચિત્તતંત્રમાં બાળપણથી જ શરૂ થઈ ગઈ હતી.

ધીરે ધીરે કાળ આગળ ડગ ભરતો જાય છે. માબાપને નાનપણથી જ બાળકના ચિત્તમાં પ્રવર્તતી સંસાર પ્રત્યેની ઉદાસીન વૃત્તિનો વહેમ આવવા માંડ્યો હતો. વર્ધમાનની સહજવૃત્તિ વૈરાગ્યપ્રિય હતી. આમ છતાંય જેમ વીરત્વ, ક્ષમાશીલતા, દયાળુતા એમનામાં સહજ હતાં, તેમ નાનપણથી જ માતૃભક્તિ પણ એટલી જ ઉત્કટ હતી. તદુપરાંત ચિત્તની કોમળતા અને અનાગ્રહ-વૃત્તિ પણ એટલાં જ સહજ હતાં.

યથાકાળે વર્ધમાન યુવાન થાય છે. પૂરા સાત હાથની ઊંચી કદાવર કાયા છે, સોનારંગી તેજસ્વી વર્ણ છે, આંખોમાં અંતરનો વૈરાગ્ય ઝળહળે છે, તો લલાટ પર જ્ઞાન એનાં અજવાળાં પાથરે છે. આવા સોહામણા, કોડીલા, થનગનતા રાજકુમારને સગપણની કેદમાં પૂરી લઈ પોતીકો કરી લેવા કોણ ઉત્સુક ના હોય ! કુંવર માટે ચારે બાજુથી માગાં આવે છે અને માબાપ મૂંઝાય છે. જૈન ધર્મના સંસ્કાર બંનેનાં ચિત્ત પર છે, પણ હૈયું તો આખરે માબાપનું ને ? પુત્રને રંગેચંગે ઠાઠમાઠથી પરણાવી ઘેરે લાડી લાવવાનો અને સંસારની વાડી લીલીછમ રાખવાનો મોહ એમ સહજ કેમ છૂટે ? પરંતુ પુત્રનાં વ્યવહાર-વર્તન ને વલણો ચીંધતાં હતાં કે એના માટે તો સંન્યાસનો પંથ એ જ સ્વધર્મસ્વરૂપ છે. માબાપ સામે દ્વિધા ખડી થાય છે. એક તરફ વાસ્તવિકતા છે, તો બીજી તરફ મોહ-માયા-મમતા છે. બહાર બધું યથાવત્ ચાલે છે, પણ અંતરનો સંગ્રામ સતત ચાલુ રહે છે.

એવામાં સમરવીર નામના એક રાજા તરફથી એની રાજકુંવરી યશોદાનું વર્ધમાન માટે કહેણ આવે છે. આ વખતે તો આ કહેણ કુંવરના કાને નાખી દેવા મા અધીરી બને છે. મા વ્યવહારડાહી છે, સીધું આક્રમણ નથી કરતી. વર્ધમાનના મિત્રો દ્વારા પુછાવે છે. મિત્રો તો હોંશે હોંશે ભાઈબંધને પોંખવા જાય છે પણ ત્યારે

વર્ધમાન એમને જે કાંઈ કહે છે, તે પરથી એમના હૃદયસાગરનાં ઊંડાણ આપણા ધ્યાનમાં આવે છે. એ કહે છે : ''મનુષ્યનું જીવન તો દિવસ જતાં પીળું થઈ ખરી પડતા ઝાડના પાંદડા જેવું અને ઘાસની અણી પર લટકી રહેલા ઝાકળના ટીપા જેવું ક્ષણિક તથા અલ્પજીવી છે. વળી, તે અનેક આફતોથી ઘેરાયેલું છે, એમાં એક ક્ષણનોય પ્રમાદ કેમ ચાલે ? મિત્રો, હું તો ક્યારનોય ગૃહત્યાગ કરવાનો વિચાર કર્યા કરું છું. પરંતુ હું જોઉં છું કે માતાની મારા પર પારાવાર સ્નેહમમતા છે, તેને અસહ્ય ધક્કો ન લાગે એટલે હું ઢીલ કરું છું. હું જાણું છું કે તેમને માટે આ કષ્ટ સહેવું મુશ્કેલ છે એટલે તેમના જીવતાં ગૃહત્યાગ ન કરવો એવી ગાંઠ તો હું વાળી ચૂક્યો છું. આવી વસ્તુસ્થિતિ જાણ્યા પછી પણ જો મા મને લગ્નબંધનથી સંસારમાં કાયમનો જકડવા ઇચ્છે તો તો તેમણે સમજવું જોઈએ કે એમણે મારા માતૃસ્નેહ પર અત્યાચાર જ વર્તાવ્યો છે.'' સ્પષ્ટ શબ્દોમાં ચિત્તની અડગતા વ્યક્ત થાય છે.

સંદેશો માતાપિતા પાસે પહોંચ્યો. જે વસ્તુની તેમને ઊંડે ઊંડે આશંકા હતી તે જ હવે તો પ્રત્યક્ષ રૂપ ધારણ કરી સામે આવી ઊભી રહી. પણ માતાપિતાના ચિંતનનો, કર્તૃત્વોનો, આશા-અપેક્ષાઓનો એક પ્રવાહ હતો, તો પુત્રના જીવનનો પણ એક પ્રવાહ હતો. આ બંને પ્રવાહ ચોરાહના ચોક પર આવીને ઊભા હતા. દિશા નક્કી કરવાની આ પળ હતી. અંશ માત્રનો ફેર લક્ષ્યપ્રાપ્તિમાં જોજનોનું અંતર વધારી દઈ શકે. માતાપિતા વ્યવહારડાહ્યાં હતાં. મોટા ભાગના લોકોને માપવા કામમાં લાગતાં કાટલાં વડે પુત્રને પણ જોખીતોળી જોવાનો પ્રયત્ન કરી લેવા પ્રેરાયાં. રાજાએ પોતાની પત્નીને કહ્યું : ''તમારા ઉપર એને અગાધ સ્નેહ છે. તમને એ ના નહીં પાડી શકે. તમે તમારું

વજન નાખી જુઓ.''

અને માદીકરો મોઢામોઢ થાય છે. રીસ-દુઃખ-આંસુ-રુદન આ બધું તો થયું જ હશે, પણ દીકરો પોતે પોતાનામાં વૈવાહિક જીવનની કોઈ જરૂરિયાત જોતો નથી. પોતાની જીવનયાત્રામાં સામે ચાલીને જવા જેવું એ કોઈ સ્ટેશન જ નથી. અકારણ એ કેડી શું કામ ખેડવી એ જ એને ગળે ઊતરતું નથી. ત્યારે છેવટે મા કહે છે : ''ભલે તારા ખાતર નહીં પણ મારા ખાતર તું પરણ....''

અને મહાવીર હા પાડે છે. મોટા ભાગના કિસ્સાઓમાં માતાના દુઃખે દુઃખી થઈ સહાનુભૂતિપૂર્વક અપાતી સંમતિમાં આપણને અંતરના નિશ્ચયનું અધકચરાપણું, અપરિપક્વતા દેખાય છે, પણ મહાવીરનું જે ઉત્તરજીવન છે તે જોતાં આવું કોઈ 'અધકચરાપણું' આ બાબતમાં પણ કહી દેવા માટે આપણું મન તૈયાર થતું નથી. અંતર જાણે સાખ પૂરે છે કે મહાવીરની આ 'હા'માં કાંઈક બીજું છે! મહામાનવોના જીવનના નિર્ણયોમાં કેન્દ્રસ્થાને હંમેશાં 'હું' જ રહેતો નથી. મહાવીરના જીવનના આ તબક્કાના નિર્ણયમાં કેન્દ્રસ્થાનેથી પોતાને હટાવી દઈ માના સુખદુઃખને મૂકી અનાગ્રહી વૃત્તિ કેળવી વર્ધમાન જાણે માને શરણે જાય છે. મહાવીરની 'સ્યાદ્વાદ'ની વિચારસરણીએ પણ એમાં ભાગ ભજવ્યો હોય તેવું લાગે છે. 'હું માનું છું તે જ અંતિમ સત્ય શા માટે, માની પાસે પણ કોઈ સત્યાંશ છે, તો તેને સ્વીકારી લેવા માટે' પોતાના આગ્રહને એમણે મોળો કર્યો હોય. મહાવીર આ પૃથ્વી પર લડાઈ લડવા આવ્યા નથી, લડાઈ જીતવા આવ્યા છે. એમનું સમગ્ર જીવન એટલું બધું ઊંડું અને ભીતર જિવાયેલું છે કે બાહ્ય ઘટનાઓના ઓળા જાણે ઠેઠ સુધી પહોંચી શકે તેમ જ નથી. સામાન્ય માણસને કામક્રોધનાં વહેણો

તળેઉપર કરી મૂકે તેવું અહીં કશું જ નથી. અહીંનું ભીતર તો સ્વસ્થ છે, શાંત છે, નિસ્પંદિત છે.

મા કહી રહી છે, ''ખેર, તારે ખાતર નહીં, તો મારે ખાતર. . . .'' માતૃઋણ ચૂકવી દેવાની આ પળ ! કર્મનાં બંધનપાશ તોડવા છે, નવાં કર્મો ઊભાં નહીં કરવાની આગ હૃદયમાં છે. 'વિવાહ' નામનું કર્મ જીવનમાં ઊભું કરી એનાથી અલિપ્ત રહેવાની કળા સાધવાની છે. અઘરું છે, પણ પડકાર સામે આવીને ઊભો છે. ફરી ફરી માને પોતાની ભૂમિકા સમજાવી ચૂક્યા છે, પણ હવે પ્રત્યક્ષ 'પોતાની ભૂમિકા' નથી, 'માની ભૂમિકા' છે. વર્ધમાનનો વિવાહ-નિર્ણય માની ભૂમિ પર ઊગેલો છોડ હોય તેવું લાગે છે. 'તું જીવે છે ત્યાં સુધી સંન્યાસ નહીં લઉં' – આવું આશ્વાસન માને આપે છે.

અને વર્ધમાન પરણે છે. જોકે દિગમ્બરી જૈન પંથ તો એમ જ માને છે કે મહાવીરે સીધા બ્રહ્મચર્યાશ્રમમાંથી જ સંન્યાસદીક્ષા ધારણ કરી, પરંતુ શ્વેતામ્બર પંથ મુજબ મહાવીરના જીવનમાં ગૃહસ્થાશ્રમ છે. એમનાં પત્ની યશોદા વિશે કોઈ જ માહિતી ક્યાંયથી પણ મળતી નથી, પરિણામે જીવનની અત્યંત મહત્ત્વની ઘટના કાળગર્ભના પેટાળમાં દટાયેલી જ રહે છે. પૃથ્વી પરની કેટલીય ઘટનાઓ વણબોલી, વણકથી, વણસુણી માત્ર જીવી જઈને કાળસમુદ્રમાં ખોવાઈ જાય છે, તેમ યશોદાની ગાથા પણ કાળગંગામાં વહી ગઈ છે. બાકી મહાવીર સ્વામીની જીવનયાત્રા જાણવાને ચિત્ત જેટલું ઉત્સુક હોય, તેટલું જ યશોદાના અંતરંગને જાણવા-સમજવા આતુર હોય એ સ્વાભાવિક છે. બાર-બાર, પંદર-પંદર વર્ષ સુધી એક જીવતા-જાગતા સોળે કળાએ ખીલી રહેલા ફૂલનું જેણે સતત સાન્નિધ્ય અનુભવ્યું હોય, અર્ધાંગના તરીકે જેણે પડખું સેવ્યું હોય તેવી

મહાવીર-પત્ની યશોદાને જાણવી તો ગમે જ, પણ તદુપરાંત એક સ્વતંત્ર ઘટક તરીકે પણ એનાં સુખદુ:ખ, એની લાગણીઓ, એનાં સ્પંદનોને જાણવા-સમજવાનું મન થાય. આવા યોગી પુરુષનું દાંપત્યજીવન સંસારીઓ માટે મોટું જીવનભાથું પૂરું પાડી શકે.

પણ હકીકત એ છે કે વર્ધમાનનું વૈવાહિક જીવન સાગરમાં તરતી હિમશિલાની જેમ પોણા ભાગનું પાણીમાં ડૂબેલું છે. આપણને તો એક જ તથ્ય સાંપડે છે કે એમના લગ્નજીવનની વાડીમાં 'પ્રિયદર્શના' નામની કન્યાનું ફૂલ ઊગે છે. એમના દાંપત્યજીવનની ફૂલવાડીમાં સંયમ, ત્યાગ, સમર્પણ, પ્રેમ, અનાગ્રહીતા આવાં અનેક ફૂલો ખીલ્યાં હશે. એમનો આ દાંપત્યકાળ તો જીવનની પૂર્વતૈયારીનો મહત્ત્વનો કાળ હતો. જે મનુષ્યે અપરિગ્રહની વ્યાખ્યા જ 'નિસ્પૃહતા' કરી છે, તેના જીવનને આંગણે આવીને ઊભા રહેલા સંબંધો કોઈ અનોખી ભાત પાડનારા હશે.

મહાવીરના દાંપત્યજીવન અંગેના કેટલાક સંકેતો પાછળથી આદેશાયેલી મહાવીરવાણીમાં જડી આવે છે. સમ્યક્ દૃષ્ટિનું વિવરણ કરતાં મહાવીર કહે છે કે – 'કેટલાક તો વિષયોનું સેવન કરતા હોવા છતાં સેવન કરતા નથી અને કોઈ સેવન ન કરતા હોવા છતાં સેવન કરે છે. જેવી રીતે કોઈ પુરુષ વિવાહાદિ કાર્યમાં લાગ્યો રહ્યો હોવા છતાં પણ એ કાર્યનો સ્વામી નહીં હોવાથી કર્તા નથી ગણાતો. આમ, કામભોગ નથી સમભાવ ઉત્પન્ન કરતા અને નથી કરતા વિકૃતિ એટલે કે વિષમતા. જે એમના પ્રતિ દ્વેષ મને મમત્વ રાખે છે તે એમનામાં વિકૃતિને પ્રાપ્ત થાય છે' આ પ્રતીતિ અનુભવજન્ય લાગે છે. જળકમળવત્ રહેતો આ સત્પુરુષ સમ્યક્ત્વના પ્રભાવથી કષાય અને વિષયોથી લેપાતો

નહીં હોય તેવું અનુમાન થાય છે. મહાવીરમાં આ સમત્વ જન્મસિદ્ધ લાગે છે. અંદરની બેઠક ડામાડોળ હોત તો એમણે લગ્ન માટે કદાપિ સંમતિ આપી ના હોત તેવું લાગે છે.

## ૪. વર્ધમાન મહાવીર બને છે

ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો એટલે જીવનમાંથી સાધના સરી જાય તેવું તો ક્યાંથી જ હોય! વર્ધમાનની ઊર્ધ્વગામી યાત્રા ચાલુ જ છે. જીવનમાં જે કાંઈ સામે આવે છે તેને નમ્રતાથી સમજવાનો પ્રયાસ અને એમાં જે કાંઈ સત્યાંશ છે, તેને સ્વીકારવાની નમ્રતા એમનામાં છે. વર્ધમાને ગૃહસ્થાશ્રમ એટલે સાંસારિક પદાર્થોની શરણાગતિ એવું તો માન્યું જ નથી. અહિંસા વગેરે ધર્મો તો સર્વ કાળે બધા જ આશ્રમોમાં પાળવાનું વ્રત છે. મૂર્ખ મનુષ્ય જ સાંસારિક પદાર્થો અને સંબંધીઓને પોતાનું શરણ માની તેઓમાં બંધાઈ રહે છે. તે જાણતો નથી કે અંતે તો તે બધાંને છોડી એકલા જ જવાનું છે. તથા પોતાનાં કર્મોનાં વિષમ પરિણામો ભોગવતાં, દુઃખથી પીડાઈ હંમેશાં આ યોનિચક્રમાં ભટકવું પડવાનું છે. પોતાનાં કર્મ પોતાને ભોગવ્યા વિના છૂટકો જ નથી. માટે જાગ્રત થવું એ જ ઉપાય છે.

જેવી રીતે ઈશુનાં પ્રારંભિક અઠ્ઠાવીસ વર્ષ ઉપર લગભગ અંધારપડદો પડેલો છે, તેવો જ અંધારપટ મહાવીરના ગૃહસ્થજીવન પર પણ પડેલો છે. આ પડદો ઊંચકાય છે ત્યારે વર્ધમાન ૨૮ વર્ષના ભર યુવાન છે, જ્યારે તેમનાં માતાપિતાનું અવસાન થાય છે અને જીવન કરવટ બદલે છે.

માના દેહાંત પ્રસંગે હૃદયમાં દાટી દીધેલો સંકલ્પ ફરી પાછું

માથું ઊંચકે છે. માના જીવનકાળ દરમિયાન દીક્ષા ન લેવાની પ્રતિજ્ઞામાંથી હવે તે મુક્ત થયા છે. આટલાં વર્ષો સુધી સંન્યાસાભિમુખ પતિનો અંતરંગ પરિચય યશોદા પામી ગઈ હોય એટલે એના તરફથી સંમતિ મળી પણ ગઈ હોય. જે હોય તે. પણ માતાપિતાના દેહાંત પછી વર્ધમાન પોતાના મોટા ભાઈ નંદીવર્ધન પાસે દીક્ષા લેવાની વાત મૂકે છે. પિતાના મૃત્યુ બાદ મોટા કુંવર તરીકે નંદીવર્ધનને જ બધો કારભાર સંભાળવાનો છે, વર્ધમાનની તો તેવી વૃત્તિ પણ નથી. છતાંય હજુ બે વર્ષ વધારે ગૃહસ્થજીવનમાં રહેવા મોટા ભાઈ આગ્રહ કરે છે, જેથી તે દરમિયાન માતાપિતાના દેવલોકવાસથી આખા કુટુંબ પર પડેલો ઘા રુઝાઈ જાય અને મહાવીરના ગૃહત્યાગથી પડનારો નવો જ કારમો ઘા વેઠવાની બધાંમાં શક્તિ આવી જાય.

અહીં પણ વર્ધમાનની નિરાગ્રહ વૃત્તિ જ પ્રગટ થાય છે. મોટા ભાઈના આગ્રહને એ વશ થાય છે, અને પોતાની દીક્ષાનો સમય બીજાં બે વર્ષ લંબાવે છે. આયુષ્યને ક્ષણભંગુર માનનારો અને વહેલી તકે સંચિત કર્મોનાં ફળ તપ દ્વારા ભોગવી લઈ કર્મનિ:શેષ થવા ઝંખતો વૈરાગ્યશીલ માણસ બીજાની ઇચ્છાને આટલી હદે આધીન થઈ જાય છે તે એમના વ્યક્તિત્વનું એક અનોખું પાસું છે. અંદરની બેઠક તો મેરુ જેવી અચળ છે, બાહ્ય પરિસ્થિતિનાં વહેણો કે ઝંઝાવાતો અંદર સુધી પહોંચવા જ ના દે તેવી દુર્લંઘ્ય દીવાલો અંતસ્તલમાં રચાઈ ગઈ હોય એટલે પોતાના જીવનપથમાં કોઈ ખાસ ખલેલ પહોંચવાની સંભાવના જ ના હોય એટલે આવાં સમાધાન કરી લેવાનું ઔદાર્ય પ્રગટ થતું હોય તેમ બને. વર્ધમાનના આ વલણમાં આવાં વધુ મજબૂત વૈરાગ્યનાં લક્ષણો દેખાય છે, તદુપરાંત એમના ‘સ્યાદ્વાદ’ સિદ્ધાંતવાળી નમ્રતાસૂચક ભૂમિકાના સંકેત પણ જણાય છે.

પરંતુ આ બે વર્ષ એમણે દીક્ષિત જીવનના પૂર્વાભ્યાસના અંગ તરીકે સિદ્ધ કર્યાં. સાદું જીવન તો હતું જ, હવે તેમાં તપસ્યા ઉમેરાઈ. જે પ્રવૃત્તિમાં સહેજ અમથો પણ દોષ દેખાય તો તે પ્રવૃત્તિ એમણે છોડી દીધી. આહારવિહારને વધુ ને વધુ નિર્દોષ અને અહિંસક બનાવવાની દિશામાં પ્રયોગો આદર્યા. સજીવ પાણી તથા સદોષ આહારનો તેમણે ત્યાગ કર્યો. દાનની પુણ્યગંગા વહાવી. કહેવાય છે કે આ ગાળા દરમિયાન લાખો સોનૈયા, હાથીઘોડા, હીરામાણેક બધું મળીને લગભગ સાડા ત્રણ કરોડ સોનામહોર જેટલું દાન થયું.

જૈન શાસ્ત્રો મુજબ પૃથ્વી પરના લોક ઉપરાંત બીજા બાર લોક છે. બ્રહ્મલોકની ચારે બાજુની દિશા-વિદિશાઓમાં લોકાન્તિત નામના દેવર્ષિઓ રહે છે. જ્યારે કોઈ ભાવિ તીર્થંકરને ગૃહત્યાગ કરવાનો સમય આવે છે, ત્યારે તેમની પાસે જઈ 'બુજ્ઝહ ! બુજ્ઝહ !' (જાગો ! જાગો !) એવો શબ્દોચ્ચાર કરે છે. કહેવાય છે કે વર્ધમાનને પણ આવાં અપાર્થિવ સૂચના-સંકેત લગાતાર પ્રાપ્ત થતાં રહ્યાં અને એમનું હૃદય ભાવિ મહાભિનિષ્ક્રમણ માટે વધુ ને વધુ અધીરું થતું ગયું.

છેવટે બે વર્ષની અવધિ પૂરી થઈ અને એ પ્રભાત ઊગ્યું, જ્યારે બાળપણથી સેવેલી અભિલાષાનો સૂર્યોદય પ્રગટ્યો. વર્ધમાનને જાણનારા સૌ કોઈ ક્યારનાય સમજી ચૂક્યા હતા કે આ તો ધનુષમાંથી છૂટેલું તીર છે, ભલે બહારથી એ ગતિવિહીન લાગે, અંદરથી તીરે પોતાની દિશા પકડી જ લીધી છે. લક્ષ્ય તરફ ચાલી નીકળેલી આ આંતરિક યાત્રાના જુદા જુદા મુકામો એમના જીવનમાં વર્તાતા હતા, એટલું જ નહીં, ધ્યેય તરફ જોશભેર ધપ્યે જતી ગતિનો પ્રતિબિંબ એમનો ચહેરો પણ ઝીલતું જ હતું.

શુભ પ્રયાણના અંતિમ ત્રણ દિવસ તેઓએ સંપૂર્ણ ઉપવાસ કર્યા. વર્ધમાનના ચિત્તમાં જૈન ધર્મે પ્રબોધેલી અહિંસાએ ઉત્કટપણે કબજો મેળવી લીધો હતો, એટલે અહિંસાના અનુસંધાનમાં પણ આ ઉપવાસોનું મહત્ત્વ હતું. તપસ્યાનો વિચાર તો તેમાં હતો જ. માગશર વદ દસમના દિવસે એમણે શીતળ જળનું છેલ્લેછેલ્લું સ્નાન લીધું અને ઉત્તમ સફેદ ઝીણું વસ્ત્ર ધારણ કર્યું. આભૂષણો પણ ધારણ કર્યાં.

જીવનને વધુ ને વધુ ઉજ્જવલ કરવા માટેનો આ પ્રયાણ પ્રસંગ હતો એટલે એને ઉત્સવનું સ્વરૂપ સહેજે પ્રાપ્ત થઈ ગયું. ઉત્સવનો ઉત્થાન સાથે સહજ સંબંધ છે. જે ઘટના દ્વારા મન, હૃદય, બુદ્ધિની વૃત્તિઓ ઉત્તરોત્તર ઊંચે ચડવા મથવાની હોય તે ઘટનાને ખેલદિલીપૂર્વક ઊજવી હૃદયને ઊજળાં કરવાની પરંપરા ભારતીય સંસ્કૃતિમાં છે. ચિત્ત પર સંસ્કાર પાડવા માટે ઉત્સવોનું નિર્માણ થયું હોય છે. વર્ધમાનનો ગૃહત્યાગ એ કોઈ નકારાત્મક ઘટના નથી, એમાં તો સંન્યાસમય જીવનની દીક્ષાની પરમોજ્જવળ વિધાયકતા પડેલી છે. જ્યારે ઘર છોડવાની વેળા આવે છે, ત્યારે સૌ સ્વજનોની વિદાય લઈ તેઓ ચંદ્રપ્રભા નામની સુંદર સજેલી વિશાળ શિબિકામાં પૂર્વ દિશા તરફ મુખ રાખી નિર્દ્વંદ્વ ચિત્તપૂર્વક બેસે છે. શિબિકામાં જમણી બાજુએ એક કુલવૃદ્ધા સ્ત્રી નાહીધોઈ, શુદ્ધ વસ્ત્રાલંકાર પહેરી, હંસ જેવું સફેદ વસ્ત્ર સાથે લઈને બેઠી છે, તો ડાબી બાજુએ એમની ધાવ-માતા દીક્ષાની સાધનસામગ્રી લઈને બેઠી છે. પાંછળ એક સ્ત્રી સોળે શણગાર સજી એમના પર છત્ર ધરીને બેઠી. ઈશાન ખૂણે એક સ્ત્રી મણિજડિત વીંઝણો લઈને બેઠી. શિબિકામાં સ્ત્રીઓ જ, સ્ત્રીઓનું આ વર્ણન વાંચી એવું લાગે છે કે પારિવારિક ગૃહસ્થ જીવનમાં નારીશક્તિના માતૃત્વે હૃદય-બુદ્ધિ-ચિત્તને

ભરપૂર પોષણ આપ્યું, હવે આગળ ઉપર વિશ્વવ્યાપી માતૃત્વનો મહાપ્રયોગ સિદ્ધ કરવાનો છે. સંન્યાસ એ વ્યાપક માતૃત્વની દીક્ષા છે, આવો કાંઈક સંકેત આ સ્ત્રી-પ્રાધાન્યવાળા રિવાજમાં ઝિલાય છે.

દીક્ષાયાત્રા વાજતેગાજતે મહાનગરને પાર કરી નગર બહારના ઉદ્યાન ભણી આગળ વધે છે. જેમ જીવંત વ્યક્તિનાં નિરનિરાળાં ભાગ્ય હોય છે, તેમ નગરીઓનાં પણ નિરનિરાળાં ભાગ્ય હોય છે. આ વૈશાલી નગરીના નસીબમાં કેટકેટલી લોહીભીની વિજયયાત્રાઓ જોવાનું પણ લખાયું હશે, અને આવી વિરલ દિવ્યયાત્રા પણ જોવાનું લખાયું હશે. ભગવાન બુદ્ધના વિહારની પણ એ સાક્ષી છે. કેટકેટલા યુદ્ધવીરો સમરાંગણમાં વળાવાયા હશે તો કેટકેટલા તપવીરો અરણ્યમાં વળાવાયા હશે.

ઉદ્યાનમાં દીક્ષાવિધિ રાખવામાં આવ્યો છે. વર્ધમાન શિબિકામાંથી નીચે ઊતરે છે અને પછી શરીર પરથી એકેક આભૂષણ ઉતારી પેલી કુલવૃદ્ધાના ઝિલાયેલાં હંસલક્ષણા રેશમી વસ્ત્રમાં નાખે છે. દિવસનો ત્રીજો પ્રહર છે, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ થઈ રહ્યો છે તે ટાણે પોતાના જ સ્વહસ્તે પાંચ પાંચ મૂઠી દાઢી-મૂછ તથા માથાના વાળ ઉખાડી નાખે છે. તે કેશ પણ ઉત્તમ વસ્ત્રમાં ઝીલી લેવામાં આવ્યા અને ક્ષીરસાગરમાં પધરાવવામાં આવ્યા. ત્યાર બાદ ત્રણ વાર સિદ્ધોને નમસ્કાર કરી પોતાની જાતે જ મહાવીરે પંચમહાવ્રતરૂપ ચારિત્ર ગ્રહણ કર્યું. તે ક્ષણે જ તેમને જન્મસિદ્ધ ત્રણ જ્ઞાન (મતિજ્ઞાન, શ્રુતિજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણે જ્ઞાન જે તેમને જન્મથી જ પ્રાપ્ત હતાં.) ઉપરાંત ચોથું મન:પર્યવજ્ઞાન પ્રાપ્ત થયું. આ જ્ઞાન દ્વારા મનુષ્યલોકની મર્યાદામાં આવેલાં પંચેન્દ્રિય પ્રાણીઓના મનોગત ભાવો જાણવાની સિદ્ધિ પ્રાપ્ત થઈ. પેલી

કુલવૃદ્ધાએ તેમ જ અન્ય કુટુંબીજનોએ ઊભરાતા હૃદયે અને ખચકાતી વાણીએ એમને આશીર્વાદ આપ્યા કે, ''લીધેલા વ્રતમાં અડગ રહેજો, સંકટો અને મુશ્કેલીઓથી ગભરાશો નહીં, તથા એવો પુરુષાર્થ દાખવજો કે જેથી શીઘ્ર તમારું લક્ષ સિદ્ધ થાય.'' ત્યાર બાદ પ્રણામ કરી, એમને એમના ગંતવ્ય સ્થાને જવા માટે સાવ એકલા છૂટા મૂકી આખો સમુદાય પોતાના નગરમાં પાછો ફર્યો.

આમ, વૈશાલી નગરના સત્પુત્ર એવા વર્ધમાનની જિંદગીના ત્રીસ વર્ષનું પૂર્વ પર્વ એના અંતિમ ચરણે પહોંચ્યું અને જીવનસાગરમાં વર્ધમાને વિલોપાઈ જઈ 'મહાવીર'નાં નવજીવનનું પ્રયાણ આરંભાયું. મિત્રો, સ્વજનો, સગાંસંબંધીઓ, નગરજનો અને અત્યાર સુધીના જીવનમાં અત્યંત નિકટસ્થ એવાં પરિવાર-જનને અંતિમ વિદાય આપી. મહાવીરે ત્યાં જ પ્રતિજ્ઞા કરી કે હવેથી બાર વર્ષ સુધી હું દેહની આળપંપાળ, સારસંભાળ કે મોહમમતા રાખ્યા સિવાય, જે કોઈ વિઘ્નો અને સંકટો આવી પડશે તે બધાં નિશ્ચલ મને સહન કરીશ. આ તો થઈ દેહની તિતિક્ષા. મનની તિતિક્ષા માટે સંકટો નાખનાર તરફ સમભાવ રાખવાનો સંકલ્પ પણ કર્યો.

દીક્ષાગ્રહણ સમયે મહાવીર સ્વામીના શરીર ઉપર કેવળ એક જ વસ્ત્ર હતું. એમની યાત્રા શરૂ થાય છે એટલામાં જ એક ગરીબ વૃદ્ધ બ્રાહ્મણ એમની પાસે આવી પહોંચી કહે છે કે, ''મહારાજ, હું તો જન્મથી ગરીબ માણસ છું. દીક્ષા વખતે તમે અસંખ્ય ગરીબોને દાન આપીને એમનું દળદર ટાળી દીધું, પણ હું અભાગિયો એ ટાણે જ બહારગામ ભટકવા ચાલી નીકળેલો એટલે હું સાવ કોરોકટ જ રહી ગયો છું. પ્રભુ, કૃપા કરીને મારું દળદર ફેડો !''

મહાવીર તો હવે સાધુ હતા, પણ એમના દેહ પર હજીય સમૃદ્ધિના છેલ્લા અવશેષ સમું કીમતી વસ્ત્ર લપેટાયેલું હતું. બધાં જ વળગણો છૂટી ચૂક્યાં હતાં, તો આ વસ્ત્રની તો શી વિસાત ? લોકલજ્જા, પ્રતિષ્ઠાનો એક ખ્યાલ – આ બધું એમને બાંધી શકે તેમ નહોતું, દેહના રક્ષણ માટે તો એ નીકળ્યા જ નહોતા. એટલે પેલા બ્રાહ્મણને કહે છે કે, "જો ભાઈ, હું તો હવે સાધુ છું. આપી શકાય તેવી ભૌતિક ચીજ કોઈ મારી પાસે છે નહીં, પણ આ વસ્ત્ર છે તે તને કામ આવે તો લઈ જા." એમ કહીને પહેરેલા વસ્ત્રમાંથી અડધું ફાડીને પેલા બ્રાહ્મણને આપી દે છે.

પેલો બ્રાહ્મણ તો રાજી થતો ફાટેલા વસ્ત્રના છેડાને કિનારી બંધાવવા તૂણનારને ત્યાં જાય છે. તૂણનારે કહ્યું કે, "આ વસ્ત્ર તો ખૂબ કીમતી છે. આનો બીજો ભાગ પણ તને મળી જાય તો હું તને એ બે ટુકડાને એવી સરસ રીતે સાંધીને એક કરી આપું કે પછી તને એ જ ઉપરણાના ખૂબ પૈસા ઊપજશે. આપણા બંનેનો અડધોઅડધ ભાગ. બોલ છે કબૂલ ?"

પેલા બ્રાહ્મણના મનમાં ઘડભાંજ ચાલી. આવું જ વસ્ત્ર બીજે તો ક્યાં શોધવા જવું ? પેલા સાધુ મહારાજ પાસે જવું ? પણ એમની પાસે માંગવું પણ કેવી રીતે ? એમને સાવ વસ્ત્રહીન થવાનું તો કેમ કહેવાય ? છતાંય એમની શોધ કરીને પાછળ પાછળ નજર નાખતો રહ્યો. એને આશા હતી કે મહાવીર સ્વામી તો મોટે ભાગે ધ્યાનમાં જ ડૂબેલા રહે છે. ક્યારેક વસ્ત્ર સરી પણ પડે. તેર મહિના સુધી ખંતપૂર્વક એણે મહાવીર પાછળ ચાલ્યા કર્યું. છેવટે એ વસ્ત્ર નદીકિનારે કાંટાની ઝાંખરીમાં ભરાઈ ગયું. સામે ચાલીને કશુંક કરવું એ તો એમની સાધનામાં આવતું જ નહોતું. જે છૂટી ગયું છે તેનો ઉપયોગ હવે પૂરો થયો હશે તેમ માની લઈ એમણે આ દિગમ્બરાવસ્થાનો પણ સ્વીકાર કરી

લીધો. પેલા બ્રાહ્મણે તરત જ બાકીનો ટુકડો ઉપાડી લીધો.

ત્યારથી મહાવીર અંતકાળ સુધી વસ્ત્રવિહીન સ્થિતિમાં જ રહ્યા. અત્યાર સુધી એ શ્વેતામ્બર હતા, હવે દિગમ્બર બની ગયા. એટલે જૈન ધર્મના પણ પાછળથી બે પંથ પડી ગયા. વસ્ત્ર સહિત મહાવીરની જે ઉપાસના કરે છે, તે છે શ્વેતામ્બર, અને જે નિર્વસ્ત્ર મહાવીરની ઉપાસના કરે છે, તે છે દિગમ્બર. દિગમ્બર જૈન સાધુ ઓછા હોય છે. દિગમ્બર મહાવીરને 'અચેલક' પણ કહે છે. વસ્ત્ર ન હોવા છતાં સખત ટાઢમાં પણ તેઓ હાથ લાંબા રાખીને જ ધ્યાન કરતા. ઠંડીને લીધે કદી તેમણે હાથ બગલમાં ઘાલ્યા નથી. આમ, વસ્ત્રવિહીન અવસ્થામાં ટાઢતાપના તીવ્ર સ્પર્શો એમણે ઝીલ્યા.

## ૫. સ્વસ્થાને સ્થિર કરતી તપોપૂત સાધના

પરંપરાઓના આધારે આવું કાંઈક સમજાય છે કે સાધકોને સાધનામાર્ગના બે પ્રકાર ખેડવા પડે છે: એક છે લોકાન્તિક સાધના અને બીજી છે એકાન્તિક સાધના. પહેલા પ્રકારની સાધના લોકો વચ્ચે, પરિવાર વચ્ચે સાધવાની હોય છે, પણ એના દ્વારા જે કાંઈ સધાય છે તે મોટે ભાગે એકાંગી અને અધૂરું હોય છે, એને પરિપૂર્ણ તથા સર્વાંગી કરવા માટે એકાન્તિક સાધના પણ લગભગ અનિવાર્ય છે. આટલા જ માટે આપણા પ્રાચીન ગ્રંથોમાં જંગલમાં જઈને તપ કરવાની વાત ઠેર ઠેર આવે છે. સાધના અને અરણ્યવાસ જાણે અભિન્ન જોડકાં છે. સાધકાવસ્થામાં બીજાને પીરસી શકાય તેવું સદંતર નિર્દોષ જ્ઞાન તો હજી પ્રાપ્ત થયું હોતું નથી, એટલે બીજાને ઉપદેશ

આપવાની વાત આવતી નથી. હજી તો પોતાના જીવનને માંજવાનું છે, અશુદ્ધિઓને બાળવાની છે તો કઠોર તપ દ્વારા એકાંત સાધના એ માટે મદદરૂપ થતી હોય છે.

જીવનનું નવું દ્વાર ખૂલે છે અને મહાવીર સ્વામી ફરતા ફરતા સાંજ પડે તે પહેલાં કુમાર નામના ગામે પહોંચે છે. અને ગામની સીમ પર જ ધ્યાન ધરવા એક સ્થાને બેસી જાય છે.

થોડી જ વારમાં તેઓ તો ધ્યાનમાં ઊંડા ને ઊંડા ઊતરી જાય છે. બહિર્જગત સાથેનું અનુસંધાન એમનું તૂટી જાય છે એટલી તલ્લીનતા સધાઈ ગઈ છે. એટલામાં એક ગોવાળ ત્યાં આવી પહોંચે છે. એની સાથે આખો દિવસ હળ ખેંચીને થાકેલાપાકેલા અને વળી ભૂખ્યા બળદ પણ હતા. ચારો જોઈને બળદો ચરવા લાગે છે. પેલા ગોવાળિયાને તો ગામમાં દૂધ દોહવા જવાનું હતું. એટલે ઉતાવળમાં હતો. બળદોને ચરતા જોયા અને પથ્થર પર કોઈ માણસને બેઠેલો જોયો એટલે ''થોડી વારમાં જ પાછો આવું છું, આ બળદોનું ધ્યાન રાખજો'' – કહીને એ તો ચાલતો થઈ ગયો. મહાવીર તરફથી એની વાત સાંભળ્યાનો કે સંમતિનો હોંકારો ભણાય એની રાહ જોવાની જાણે એને ફુરસદ જ નથી. થોડી વારમાં બળદો તો ચરતા ચરતા દૂર ચાલ્યા ગયા. પોતાનું કામ પરવારી મોડેથી ગોવાળ પાછો ફર્યો, ત્યારે આસપાસ એક પણ બળદ દેખાયો નહીં અને પેલો પથ્થર પરનો માણસ તો હજી પણ ત્યાં જ પથ્થરની જેમ બેઠેલો હતો ! એને પૂછ્યું પણ ખરું, પણ કાંઈ જવાબ મળ્યો નહીં. એટલે એને બાધો માની લઈ પોતે જ બળદો શોધવા નીકળી પડ્યો. આખી રાત ભટક્યા પછી ખાલી હાથે ફરી પાછો એ સ્થાને એ આવી પહોંચ્યો, ત્યારે તેણે પોતાના બળદોને એ જ ઠેકાણે મહાવીર પાસે બેસીને વાગોળતા જોયા અને એનો મિજાજ ગયો. 'એક તો પૂછું છું,

એનો જવાબ નથી આપતો, આખી રાત મને ભટકતો કરી મૂક્યો અને મને રખડાવી છેતરી સવાર પડતાં બળદ ચોરી જઈ રસ્તે પડવાની દાનત ધરાવે છે ?' અને એણે તો હાથમાંની બળદની રાશ હવામાં ફંગોળી સાધુને મારવા ઉગામી. પહેલા જ દિવસે, છ ટંકના ઉપવાસીનાં પારણાં આમ ચાબુકથી થયાં. ગોવાળિયો તો ગુસ્સામાં જ હતો, પણ એટલામાં નંદીવર્ધન રાજાના માણસો ગુપ્તવેશે મહાવીરનું ધ્યાન રાખવા ફરતા હતા, તે આવી ચડ્યા, એમણે પેલાને ધમકાવીને વાર્યો. ''આ તો રાજપુત્ર છે. એટલુંય તને ભાન ન રહ્યું !''

પેલો તો બિચારો ઘાંઘોવાંઘો થઈ ગયો. પણ ક્ષમા-સંકલ્પ સામે આવી ઊભેલી આ પહેલી કસોટી હતી. મહાવીર એમાં સફળતાપૂર્વક પાર ઊતરે છે. મોટા ભાઈના માણસો મહાવીર સ્વામીને વીનવે છે, ''આવી આફતો ફરી ન ઊતરે એ માટે અમને તમારી સાથે રહેવા દો.'' પણ મહાવીરને ગળે એ કેમ ઊતરે? એ તો મક્કમ તથા સ્વસ્થતાપૂર્વક એક જ વાત કહે છે : ''કર્મક્ષયના આ માર્ગમાં બીજા કોઈની મદદ કામ આવતી નથી. પૂર્વકર્મોનો ક્ષય ફળ ભોગવીને જ થઈ શકે. આ બધું સહન કરવા તો દીક્ષા લઈને હું એકલો નીકળી ચૂક્યો છું.'' અને ગોવાળિયા સામું કરુણાભરી નજરે એ જુએ છે. ક્ષમાવૃત્તિનું શીલ જ એવું છે કે એ ઉભય પક્ષને ઊંચો ઉઠાવે છે. જે ક્ષમા આપે છે તે ક્ષાંત વ્યક્તિ તો ઊંચી ચઢે જ છે, પણ જેને ક્ષમા અપાઈ છે તે વ્યક્તિ પણ ઊંચે ચઢે છે. ક્ષમા એ અહિંસાવૃત્તિ વિકસાવવા માટેનું અમોલું પોષણ છે.

સવારે યાત્રા પાછી શરૂ થાય છે. હજુ તો વૈશાલીની સરહદો પણ ઓળંગાઈ નથી. નજીકના જ મોરાક નામના એક પરામાં આવી પહોંચે છે, જ્યાં પિતા સિદ્ધાર્થના એક બ્રાહ્મણમિત્રનો

આશ્રમ છે. એ તાપસ કુલપતિ મહાવીરને ઓળખી જાય છે અને પારણાં કરવા તથા રાતવાસો ગાળવા પોતાને ત્યાં બોલાવે છે. વિદાય વખતે 'પહેલો ચાતુર્માસ' પોતાના આશ્રમમાં વિતાવવા વીનવે છે. એમનો આગ્રહ જોઈ તથા ધ્યાનાદિ માટે સાનુકૂળ એવું એકાંત સ્થાન જોઈ મહાવીર હા પાડી આગળ વધે છે.

ગ્રીષ્મકાળના પ્રખર તાપમાં તપસ્વીના ચિત્તની દશા ચંદ્રની શીતળતા આત્મસાત્ કરતી જાય છે. જ્ઞાન સૂરજ જેવું ઝળહળતું છે. સહનશીલતામાં તો જાણે મા ધરતીનો બીજો અવતાર. સમુદ્ર સમા ગંભીર અને સિંહ જેવા નિર્ભય! નિરાશ્રયી આકાશમાં ઊડતા પંખી જેવા સ્વતંત્ર, દ્વંદ્વમુક્ત અને છતાંય કષ્ટે પીડાતા સંસારીઓને હાથ આપવાની હૃદયમાં વ્યાપેલી કરુણા!

સંન્યસ્ત જીવનનું પહેલું ચોમાસું આવે છે. જૈન ધર્મમાં ચોમાસામાં સાધુ એક સ્થળે રહી 'ચાતુર્માસ' વિતાવે તેવી પરંપરા છે. મહાવીર સ્વામીને તો એમના પ્રથમ ચાતુર્માસના નિવાસનું નિમંત્રણ મળેલું જ છે, તે મુજબ તેઓ મોરાકના આશ્રમમાં પહોંચી જાય છે. કુલપતિ એમની ઘાસની એક ઝૂંપડી અલાયદી કાઢી આપે છે.

વરસાદ પડવો શરૂ થઈ ગયો હતો, પરંતુ નવું ઘાસ હજી માથું ઊંચકતું નથી, એટલે ગાયો ઘાસની શોધમાં જ્યાંત્યાં મોં નાખતી થઈ ગયેલી. આને લીધે આશ્રમવાસીઓને ગાયો ઘૂસી ન જાય તે માટે સતત ધ્યાન રાખવું પડતું. પરંતુ મહાવીર તો બીજા જ કોઈ 'ધ્યાન'માં ગળાડૂબ હતા. પરિણામે ગાયો એમની ઝૂંપડી સુધી નિર્વિઘ્નપણે પહોંચી જતી અને પછી પાડોશીઓને પણ લાભ આપતી. આથી બીજા તાપસો ચિડાયા. એમણે કુલપતિને ફરિયાદ કરી. કુલપતિએ સૌમ્યતાપૂર્વક મહાવીરને કાને આ વાત નાખી. મહાવીરને

એમની વાત સમજાઈ પણ ખરી, પરંતુ ત્યારની એમની સાધકાવસ્થા જ એવી ઉત્કટ હતી કે એ અગાધ ઊંડાણમાં જ નિવસતા, બહાર આવવા માટે એમને મથવું પડતું. એટલે પોતાની આ અસહાયતા જોઈ છેવટે એમણે આશ્રમ છોડી, બાકીનો સાડા ત્રણ માસનો વર્ષાકાળ બીજે વિતાવવાનો નિર્ણય લઈ લીધો. પણ આ અનુભવના આધારે સત્યસંશોધકે પોતાના મનમાં પાંચ ગાંઠ વાળી લીધી.

૧. જે સ્થાને કોઈને અણગમો થાય ત્યાં કદી પણ ના રહેવું.

૨. જ્યાં રહેવું ત્યાં સદા ધ્યાનમગ્ન જ રહેવું, અને તેથી જગ્યા પણ તેને અનુકૂળ જ શોધવી.

૩. ત્યાં પણ પ્રાયઃ મૌનાવસ્થામાં જ રહેવું.

૪. કરપાત્રે ભોજન કરવું અને

૫. ગૃહસ્થની ખુશામત કરવી નહીં.

એ જ ગામને પાદરે ટેકરા પર શૂલપાણિ યક્ષનું એક મંદિર હતું. મહાવીરે ત્યાં વાસો કરવા દેવા ગામલોકોને વીનવ્યા. લોકોએ જણાવ્યું કે એ મંદિરમાં રાત્રિવાસ તો શું, સાયંકાળ પછી કોઈ ત્યાં રહી શકતું જ નથી. પૂજારી સુધ્ધાં રાતે ગામમાં પાછો ફરે છે, માટે તમને બીજું સ્થાન આપીએ. પણ મહાવીર તો નિર્ભયતાની મૂર્તિ ! એમની અહિંસા કોઈ ડરપોક કાયર માણસની તો અહિંસા નથી. સામે આવી ઊભેલા પડકારથી એ કેમ દૂર રહી શકે ? એમણે તો એ મંદિરમાં જ વાસો કરવાનો નિર્ણય કર્યો.

દંતકથા તો એવી છે કે ગામલોકોની બેદરકારીને લીધે અકાળે મરી ગયેલો એક બળદ રાક્ષસ થઈને સૌને ભયભીત કરી સતાવતો હતો. ગમે તે હોય, સૂક્ષ્મ જગતના બધા જ જીવ કાંઈ સાત્ત્વિક કે દૈવી તો નથી હોતા, તેમાં આસુરી તત્ત્વો પણ

વિહરતાં હોય જ છે. પરંતુ મહાવીરને તો સઘળાં દુષ્ટ તત્ત્વોને સંક્રમી પેલે પાર જવું હતું, એટલે અટકવાનો કોઈ પ્રશ્ન જ નહોતો. સાંજ ઊતરે છે, રાતના ઓળા નીચે પૃથ્વી પર ઊતરે છે અને મહાવીર તો ધ્યાન-સાગરમાં તદાકાર થઈ જાય છે.

ધીરે ધીરે રાત જામતી જાય છે, અંધકાર વધુ ને વધુ ઘટ્ટ થતો જાય છે, નીરવ એકાન્ત છે. સ્વાભાવિક છે કે માણસનું ચિત્ત આવા સંજોગોમાં પ્રથમ ભયની લાગણી અનુભવે. એકાકી એકલતાનો પ્રથમ પ્રત્યાઘાત છે - ભય! કૃષ્ણમૂર્તિ આ મનોદશાને Fear of Freedom પણ કહે છે: સાવ એકલો અને નિતાંત નિર્બન્ધ હોય છે ત્યારે ઘડીભર તો માનવી અંતરિયાળ સાવ એકલો હોય તેવી સ્તબ્ધ નિરાધારતા અનુભવે છે અને એના પરિણામે એ ભયભીત પણ થાય છે. પોતાના એકાકીપણાનો આ ડર એ જ કદાચ ભયોનો પણ ભય, ભયભૈરવ હશે, કોને ખબર ? પણ જે કોઈ ભય મહાવીર સ્વામી સામે એ રાત્રે ખડો થયો, છેવટે તેમણે એના પર વિજય મેળવ્યો અને ભયમુક્ત થયા. આ ભયમુક્તિની કૂખે એક અનોખો આત્મવિશ્વાસ પણ પેદા થયો, જેણે સાધકના અંતરને જીવનના નવા પંથનું આકર્ષણ અનેક ગણું વધારી મૂક્યું.

## ૬. કૈવલ્યપ્રાપ્તિ

કાયા સાથે છાયા પાછળ પાછળ ચાલી આવતી હોય છે તેમ સાધનાની પાછળ પાછળ કેટલીક સિદ્ધિઓ પણ ચાલી આવતી હોય છે. મહાવીરમાં પણ આવી સિદ્ધિઓ હતી જ. જેમ કે, ત્રિકાળ જ્ઞાન. મનુષ્યનો ત્રણેય કાળ એમની સામે ખુલ્લો થઈ

જતો. જેમનું ચિત્ત ઉત્તરોત્તર વધુ ને વધુ શુદ્ધ, નિષ્કલંક થતું જતું હશે, તેમના ચિત્તનો પડદો ભૂતભવિષ્યની ઘટનાઓ ઝીલી લે તે સ્વાભાવિક પણ લાગે છે.

પહેલું ચોમાસું પૂરું થયું અને પરિવ્રાજકની યાત્રા ફરી શરૂ થઈ. એક ગામના પાદરમાં બહાર ઝાડીમાં વાસ કર્યો. એ જ ગામમાં અચ્છંદક નામનો એક મંત્રતંત્ર જાણનારો અધકચરો પાખંડી લોકોને છેતરી પોતાની જાળમાં ફસાવતો હતો. મહાવીરના ધ્યાનમાં આ આવી ગયું હતું. જોગાનુજોગ કોઈક ગોવાળિયાના ધ્યાનમાં આવી ગયું હતું કે મહાવીર સ્વામી ત્રિકાળ જ્ઞાની છે. ચમત્કારની વાતોને વહેવડાવવામાં તો વિજ્ઞાન પણ પાછું પડે! લોકો તો ભાતભાતની ભેટસોગાદો લઈને મહાવીરનાં દર્શને ઊમટી પડ્યા.

લોકોની ભક્તિનાં પૂર મહાવીર તરફ વળતાં જોઈ પેલો અચ્છંદક અકળાયો. મહાવીરને ખોટા પાડી ફજેતો કરવાનું નક્કી કરી ઘાસનું એક તણખલું લઈને એ તો મહાવીર પાસે પહોંચ્યો. લોકોની ઠઠ તો વીંટળાયેલી હતી જ. અચ્છંદકે પૂછ્યું : ''બોલો મહારાજ, આ તૃણ મારાથી તોડી શકાશે કે નહીં?'' એના મનમાં હતું કે મહારાજ જે કાંઈ કહેશે તેથી ઊલટું હું કરીશ, એટલે આપોઆપ જુઠ્ઠા પડશે! પરિસ્થિતિ નાજુક હતી. પણ મહાવીરે કહ્યું કે તારાથી આ તણખલું નહીં છેદી શકાય. પેલો તો ઉત્સાહમાં આવી જઈ ઘડીકમાં તણખલું તોડીને બે કટકા કરવા ગયો, ત્યાં અકસ્માત્ પેલા તણખલાની તીણી ધારથી એની આંગળીઓ જ કપાઈ ગઈ. લોકો એની ફજેતી પર હસવા લાગ્યા અને એ નીચું મોં કરી ભાગી છૂટ્યો.

મહાવીરે લોકોને આવા ભ્રામક ચમત્કારોમાં વિશ્વાસ ન રાખવા સમજાવી અચ્છંદકની ચોરી, દુરાચારપણાની વાતો પણ

કરી. ગામલોકોનો ભ્રમ ભાંગે છે. કશી મહેનત કર્યા વગર ઝાઝું મેળવી લેવાની દાનતમાંથી આવા ચમત્કારો પ્રત્યે આકર્ષણ થતું હોય છે. હૃદયને ચોખ્ખું કરવાની કોઈ ખેવના એમાં હોતી નથી. પણ દરેક માણસ પોતપોતાના સ્તરે જીવતો હોય છે.

યાત્રા તો આગળ ધપતી જ જાય છે. દિવસો ઉપર દિવસો ઉમેરાતા જાય છે અને સાધુની સાધુતા પર સાધનાના સંપુટ ચઢતા જ જાય છે. આ સાધક તો છે જીવનશોધક. જીવનનાં સનાતન સત્યોને વધુ ને વધુ આત્મસાત્ કરવા તેની યાત્રા ચાલે છે. ધર્મ એનો પ્રાણ છે. એને માટે આ ધર્મ પોતાના પ્રાકૃત સ્વરૂપનું સદંતર રૂપાંતર કરનારું પરમ વિજ્ઞાન છે. એ ધર્મ એને સાધવો છે, જે એને પોતાના મૂળ સ્વરૂપમાં સ્થિર કરી દે.

પ્રાકૃતમાંથી સંસ્કૃતિની ઘાટીઓમાંથી પસાર થઈ છેવટે મૂળ સુધી પહોંચાડવાની યાત્રાના સાધનરૂપે મહાવીરને 'તપ' નામની પ્રક્રિયા આવી મળી છે. મહાવીર સ્વામી માટે તપશ્ચર્યા એ જીવનવિકાસની મુખ્ય પ્રક્રિયા છે. જેમ ધરતીનું ગુરુત્વાકર્ષણ છે, તેમ માટીના બનેલા આ દેહનું પણ ગુરુત્વાકર્ષણ હોય છે, જે પ્રાણને પ્રકૃતિથી ઉપર ઊઠવા દેતું નથી. આ શારીરિક મર્યાદાને લાંઘી જવા માટે, દેહના ગુરુત્વાકર્ષણની આ પકડમાંથી છૂટી જવા માટેનું એક જ સાધન છે, અને તે છે તપ. આ તપનું પહેલું સૂત્ર છેઃ શરીર સાથેનું તાદાત્મય છોડવું. 'હું આ દેહ નથી' એવી આત્મપ્રતીતિ. આ થયું નિષેધક સૂત્ર. ત્યાર પછી આવે છે, વિધાયક સૂત્ર 'હું છું આત્મા'. દેહ સાથેનું તાદાત્મ્ય તોડી, આત્મા સાથેનું તાદાત્મ્ય સાધવાની બેવડી પ્રક્રિયામાં મહાવીરે તપને અત્યંત ઉપયોગી સાધન ગણાવ્યું છે.

એટલે જ મહાવીર સ્વામીની સાધના એટલે તપોપૂત સાધના. એમનો સાધનાકાળ તપશ્ચર્યાની પરાકાષ્ઠાઓ ઉલ્લંઘી જાય છે.

ઉપવાસોની તો કોઈ ગણના જ ન થઈ શકે. કેટલા દિવસ એમણે આહાર લીધો એનો જ હિસાબ કદાચ સહેલો થઈ પડે. રાતોની રાતોનાં જાગરણ. તેમાંય દેહને આરામ અપાઈને કરાતાં જાગરણ નહીં, આખી રાત અમુક દિશામાં ઊભા રહી સતત સાવધાનીપૂર્વક મૂળ સ્વરૂપમાં સ્થિર થવું. મહાવીરનું જાગવું તે ઉજાગરો નહીં પણ જાગરણ સિદ્ધ થતું, કારણ કે આ જાગૃતિમાં એમનું મૂળ સ્વરૂપ જાગી ઊઠતું. આવી જાગૃતિનો કાળ વધુ ને વધુ ટકી રહે તે માટેનો એમનો પુરુષાર્થ હતો.

અને આ બધું સીધું સરળ સડસડાટ પાર ઊતરી ગયું તેવું તો ક્યાંથી જ બને ? તૃષ્ણાનાં બંધન, અપેક્ષા-આકાંક્ષાઓનાં બંધન. વાસનાનાં પડળો છેદવાનાં હતાં. એકેક બંધન-છેદ ત્યાગ-તપસ્યાની આકરી તાવણી કરાવી જતું. એમના નિશ્ચયો જ એવા આકરા હતા કે જે ચારે બાજુ કસોટી જ કસોટીની વાડો ઊભી કરી દેતા. બીજા કોઈની સહાય લેવી નહીં, વળી સામે જે કાંઈ ઉપસર્ગો, વિઘ્નો આવી પડે તેમાંથી ઊગરવાનો પ્રયત્ન ના કરવો. જે થાય તે થવા દેવું. તેમાં પોતાની કેવળ ઉપસ્થિતિ, કોઈ જ દખલગીરી નહીં. નર્યો સાક્ષીભાવ. ધીરે ધીરે સાક્ષીભાવ પણ નહીં, પોતે જાણે કશું છે જ નહીં, સાવ ગેરહાજર. અદ્ભુત છે એમની આ આખી પ્રક્રિયા. આ પ્રક્રિયા નિષેધાત્મક, પલાયનવાદી કે ભાગેડુવૃત્તિને પોષક તેવી નિષ્ક્રિય પ્રક્રિયા નથી. અત્યંત જીવન ભર્યું છે આ પ્રક્રિયામાં. પ્રાણ એના સમગ્ર ચૈતન્ય સાથે ધબકી ઊઠે છે.

તપસ્યાને આકરી તાવણીએ ચડાવવા વળી એક નવો પ્રયોગ મહાવીર આદરે છે. અત્યાર સુધી તો પિતાના ઓળખીતા લોકોના પ્રદેશોમાં એ વિચર્યા. હવે કોઈ સાવ અજાણી

ભોમકામાં ઊતરી પડવાની પ્રેરણા થઈ અને એ મુજબ લાઢ પ્રદેશમાં આવ્યા.

આ ભૂમિમાં એમને અપાર યાતના સહેવી પડી. હલકી જાતની શય્યા અને આસનોનો ઉપયોગ કરવો પડ્યો. ખાવાનું પણ લુખ્ખું મળતું, કૂતરાં હંમેશાં કરડતાં અને માંસના લોચા બહાર કાઢતાં. ક્યારેક કોક સમભાવી વ્યક્તિ કૂતરાને હાંકી પણ કાઢતી; તો વળી કોઈક પાષાણ હૃદયી સિસકારીને કરડવા પણ પ્રેરતું. કોઈક વાર ભાગોળે પહોંચી જઈ ગામલોક એમને ભગાડી મૂકતું, તો વળી કોઈક વાર એમના શરીર પર ચડી જઈ માંસ પણ કાપી લેતા. કોઈક વાર ઊંચેથી નીચે પટકતા, તો વળી આસનેથી ગબડાવી દેતા. આમ, યાતના જાણે કડીબદ્ધ થઈને સાધુના દેહને અગ્નિસ્નાન કરાવવા આવી. પણ સાચા સુવર્ણની જેમ આ અગ્નિસ્નાનમાંથી પણ મહાવીર સ્વામી પાર ઊતર્યા. મહાપ્રતિમા નામના તપમાં તો એક પથ્થર ઉપર શરીરને થોડું નમાવી, હાથ ઢીંચણ સુધી લંબાવી નજરને કોઈ નિર્જીવ પદાર્થ પર અપલક સ્થિર કરવાની હોય છે. આખી રાત આ રીતે પસાર કરવાની હોય છે. મહાવીરનું આ તપ અત્યંત કષ્ટદાયક થયું. અચાનક વંટોળિયો ઊપડ્યો એટલે ધૂળના ગોટેગોટા ઊમટી આવ્યા અને આંખોમાં એ ધૂળે શું ઝંઝાવાત ફેલાવ્યો હશે તે તો પ્રભુ જ જાણે ! એ વંટોળિયો શમ્યો ના શમ્યો ત્યાં તીણા મુખવાળી મોટી મોટી પાર વગરની કીડીઓની હારની હાર ત્યાં ઊભરાણી અને મહાવીરના આખા શરીર પર ફરી વળી, શરીર કોચી કાઢ્યું. કીડીઓનો ત્રાસ ચાલુ હતો ત્યાં મચ્છરોનું ટોળું આવી પહોંચ્યું. દેહના રોમેરોમમાંથી લોહી ખેંચાયું. આ બધું ઓછું પડતું હોય તેમ જેમ જેમ રાત વીતતી ગઈ તેમ તેમ નીરવ જંગલમાંથી વીંછી, નોળિયા, ઉંદર, સાપ વગેરે આવી

પહોંચીને મહાવીર સ્વામીના દેહ પરથી માંસ-લોહીની મિજબાની માણતા રહ્યા. આમ છતાંય આ ભયાનક કાળરાત્રિ દરમિયાન થયેલાં તમામ કષ્ટોને અડગતાપૂર્વક મહાવીરે સહી લીધાં. આ તપ પછી તો એ જ ક્રૂર તથા ભયંકર પ્રદેશમાં મહાવીર છ મહિનાના ઉપવાસ સાથે ફરતા રહ્યા. વાલુકાગ્રામે જતાં તો ઢીંચણ સુધી પગ ખૂંચી જાય તેવો રેતીનો લાંબો પટ ઓળંગવો પડ્યો. રસ્તામાં પાંચસો ચોરોની ટોળકીએ લૂંટવાનું કશું મળ્યું નહીં એટલે 'મામા-મામા' કહી તેમની ભારે ઠેકડી તથા ક્રૂર છેડતી કરી.

વળી ફરી વાર વૈશાલી આવી પહોંચે છે. આ એમનો અગિયારમો ચાતુર્માસ છે. પહેલા જિનદત્ત નામનો નગરશેઠ હવે નસીબનું પાંદડું ફરી જવાથી ગરીબ થઈ ગયો હતો. લોકો એને હવે 'જીર્ણશ્રેષ્ઠી' કહેતા. તે ખૂબ દયાળુ હતો. પણ હવે જે નવો નગરશેઠ હતો, તે ખૂબ અભિમાની અને તુંડમિજાજી હતો. તેના ઊગતા સૂરજ સામું જોઈ લોકો એને 'અભિનવ શ્રેષ્ઠી' કહેતા.

જીર્ણશ્રેષ્ઠીએ મંદિરમાં મહાવીર સ્વામીને જોયા. પોતાને ઘેર ભિક્ષા લેવા આ સાધુ આવે એવી એમને ઝંખના થઈ, પરંતુ આ વખતે મહાવીર સ્વામીએ ચાર માસના ઉપવાસનું વ્રત લીધું હતું, એટલે ચાર માસના ઉપવાસનાં પારણાં પોતાને ઘેર કરવાનું નિમંત્રણ આપી ઘેર તૈયારી કરવા ગયો.

પરંતુ મહાવીરનો તો નિયમ હતો કે કોઈનું નિમંત્રણ સ્વીકારીને તેને ઘેર ભિક્ષા લેવા ન જવું. જે ઘર સામે આવીને ઊભું રહે ત્યાંથી જે મળે તે સ્વીકારી લેવું. ચાર માસના ઉપવાસ પછી ભિક્ષા માટે મહાવીર સ્વામી બહાર નીકળે છે, તો સૌ પહેલાં પેલા અભિનવ શ્રેષ્ઠીનું ઘર જ ભટકાઈ પડે છે. મહાવીર સ્વામી તો નિસ્પૃહતાપૂર્વક ભિક્ષા માગે છે, તો પેલા શેઠ

તુચ્છકારથી પોતાની દાસીને કહે છે કે, ''આને કાંઈક આપીને વિદાય કર.'' દાસી તો લાકડાની પાલીમાં અડદના બાકળા લાવીને આપે છે.

આમ ક્યાંક દેવોને પણ દુર્લભ તેવાં માનપાન તો ક્યાંક વળી કૂતરાનાંય ન થતાં હોય તેવાં હડહડતાં અપમાન થતાં રહે છે. પરંતુ આમાંનું કશું જ એમને અડતું નથી. પ્રશંસાના બોલ જે રીતે એમના કાનમાં પ્રવેશ્યા વગર જ સરી પડે છે, એ જ રીતે ગાળાગાળી પણ અંદર પ્રવેશી શકતી નથી. આ તો બધી એકદમ બહિર્જગતની ચીજો. એ જે જગતમાં રહેતા તે તો આ બધાથી ખૂબ દૂર, ખૂબ ઊંડું, ખૂબ ભીતર હતું. દેહ પર થતાં કષ્ટો પરિતાપોના સંદેશા એટલું લાંબું અંતર કાપીને અંદર પહોંચી શકે એવું એમનું ગજું નહોતું. મહાવીરમાં 'પ્રતિકાર' નહીંવત્ છે, મહદંશે 'સ્વીકાર'ની ભૂમિકામાં જ એ રમમાણ છે.

રસ્તા ઉપર ચાલતી વખતે એમની નજર સામે જ રહેતી. પુરુષની લંબાઈ જેટલા ઉપર દૃષ્ટિ રાખી, આડુંઅવળું જોયા સિવાય ચાલતા. મોટા ભાગે અંતર્મુખ જ રહેતા. કોઈ બોલાવે તો નાછૂટકે ટૂંકો જવાબ વાળતા. 'હું ભિક્ષુ છું' - એટલી જ ઓળખાણ આપતા. નગ્ન સાધુને જોઈ છોકરાઓ પીછો કરતા અને બૂમો પાડતા પાડતા માર પણ મારતા.

કોઈ વાર ઉજ્જડ ઘરોમાં, વેરાન બગીચાઓમાં તો ક્યારેક લુહારની કોઢોમાં કે પરાળના ઢગલા વચ્ચે રહેતા. રાતે પૂરી ઊંઘ કદી લેતા નહીં. જ્યાં બીજા લોકોનો પણ ઉતારો હોય ત્યાં કદી કોઈની સાથે હળતાભળતા નહીં. કોઈ પ્રણામ કરે તો તેના તરફ પણ નજર કરતા નહીં. હંમેશાં એમની સમદૃષ્ટિ રહેતી. પથ્થર કે ફૂલની વર્ષા એમના શરીર માટે ભલે ભિન્ન હોઈ શકે, બાકી એમના ચિત્તમાંથી એ ભેદની ભીંત ભાંગી ચૂકી હતી.

ખાનપાનનું માપ બરાબર સમજતા હતા. રસોમાં કદી લલચાતા નહીં. ભાત, સાથવો અને ખીચડી લૂખાં ખાઈ લેતા. આઠ મહિના સુધી તો ત્રણ જ વસ્તુ પર નભાવેલું. મહિના મહિના સુધી પાણી વગર વિતાવતા. પેટ હંમેશાં ઊણું જ રાખતા. કદી દવા લેતા નહીં. પોતાની સાધનામાં એટલા બધા તલ્લીન રહેતા કે કોઈએ કદી એમને બગાસું ખાતા, આંખ ચોળતા કે શરીરને ખંજવાળતા જોયા નહોતા.

કથાકારો એમની તપસ્યાના સ્થૂળ આંકડા આપતાં જણાવે છે કે આ બાર વર્ષના ગાળા દરમિયાન એમણે છમાસી ઉપવાસ એક વાર, છમાસી ઊણા પાંચ દિવસનો ઉપવાસ એક વાર, ચારમાસી ઉપવાસ નવ, ત્રણમાસી ઉપવાસ બે, અઢીમાસી ઉપવાસ બે, બેમાસી ઉપવાસ છ, દોઢમાસી ઉપવાસ બે, માસિક ઉપવાસ બાર, પાક્ષિક ઉપવાસ બોતેર, સર્વતોભદ્ર પ્રતિમા વ્રત દશ દિવસનું એક, મહાભદ્ર પ્રતિમા વ્રત ચાર દિવસનું એક. આઠ ટંકના ઉપવાસ બાર; છ ટંકના ઉપવાસ ૨૨૯. ભદ્રાપ્રતિમા વ્રત બે દિવસનું એક વાર. પારણાં ૩૫૦. કુલ બાર વર્ષ, છ માસ અને પંદર દિવસ. આ જોતાં પૂરેપૂરાં બાર વર્ષ સુધી આહારની બાબતમાં તો અડધા-પૂરા ઉપવાસ જેવું જ રહ્યું છે.

મહાવીર સ્વામીના સાધનાપથમાં ઉપવાસનું જેટલું વૈવિધ્ય છે, તેટલું જ વૈવિધ્ય ઉપવાસનાં પારણાં અંગેનું પણ જોવા મળે છે. મુખ્ય તો પોતાને વધુ ને વધુ કષ્ટ કેવી રીતે પડે, ઉપવાસનો છેડો પણ વધુ ને વધુ કેવી રીતે લંબાતો જાય એ હેતુથી પારણાંના પણ જુદા જુદા સંકલ્પો લેવાતા. દશમા ચાતુર્માસ પછીની વિહારયાત્રામાં કૌશાંબીમાં એક વાર મહાવીરે લગભગ અશક્ય એવો એક નિર્ણય કર્યો. 'કોઈ સતી અને સુંદર

રાજકુમારી દાસીપણાને પામી હોય, તેના પગમાં લોઢાની બેડી નાંખેલી હોય; તેનું માથું બોડેલું હોય, તે ભૂખી અને વળી રડતી હોય; એનો એક પગ ઉંબરામાં અને બીજો બહાર રાખીને સૂપડાને એક ખૂણેથી અડદના બાકળા મને ભિક્ષામાં આપે, ત્યારે જ હું પારણાં કરીશ, નહીંતર ભૂખ્યો રહીશ.'

હવે આટલા બધા સંજોગો એક જ સ્થળે અને એક જ કાળે કેમ ભેળા થાય? અને તપોશ્રેષ્ઠની ઉગ્ર તપસ્યા લંબાય છે. વળી આવા નિર્ણયો તો મનોમન થાય, એ કાંઈ જાહેર તો હોય નહીં એટલે મુશ્કેલીનો છેડો હાથ જ ન આવે. દરરોજ ભિક્ષા સમયે ઘેરેઘેર ફરવાનું ચાલે. ઊંચનીચના ભેદ તો એમને ક્યાંથી હોય ? આખું નગર ખૂંદી વળે, પણ ભિક્ષા લીધા વિના જ પાછા ફરવાનું થાય. આમ કરતાં કરતાં ચાર મહિના વીતી ગયા. મહાવીર પ્રત્યે ભક્તિભાવ ધરાવનારા ગૃહસ્થો કલ્પના કરી કરીને જુદી જુદી ભિક્ષા ધરતા રહ્યા, પણ કોઈ રીતે એમની શરતો પાર પડતી નહોતી અને તપની પૂર્ણાહુતિ થતી નહોતી.

આ નગરનો રાજા શતાનિક અને રાણી મૃગાવતી. મૃગાવતીની બહેનને ચંપાનગરીના રાજા સાથે પરણાવેલી. શતાનિકે એક વાર ચંપાનગરી પર ચઢાઈ કરી, રાજ્યને ખેદાનમેદાન કરી મૂક્યું. નાસભાગમાં રાણી એક ઊંટવાળાના હાથમાં આવી પડી, એની ખરાબ દાનત વર્તી જઈ રાણીએ આત્મહત્યા વહોરી લીધી. એના દાખલાથી સમજી જઈ ઊંટવાળાએ એની કુંવરી વસુમતી કૌશાંબીમાં ધનવાહ નામના શેઠને વેચી દીધી. વસુમતીએ પોતાનાં મૂળ નામ તથા કુળ છુપાવી રાખ્યાં. શેઠે એના શીતળ વ્યક્તિત્વથી પ્રસન્ન થઈ એનું નામ 'ચંદના' રાખ્યું.

ધીમે ધીમે ચંદના યુવાવસ્થામાં આવી. મૂલા શેઠાણી યુવાન ચંદનાના સોળે કળાએ ખીલતા જતા રૂપથી ચિંતામાં પડી.

એવામાં એક દિવસ ઉનાળાના તાપમાં શેઠ દુકાનેથી ઘેર આવ્યા, ત્યારે બીજો કોઈ સેવક હાજર ના હોવાથી શેઠ ઉપર પિતૃભાવ રાખતી ચંદના નીચી નમીને શેઠના પગ ધોવા માંડી. પગ ધોતાં ધોતાં તેના વાળની એક લટ નીચે પાણીમાં પલળવા લાગી, તેથી શેઠે સહજ ભાવે તે લટ ઊંચકી પાછી માથામાં ગૂંથી લીધી. ગોખમાં બેઠેલી શેઠાણીએ આ વ્યવહાર પરથી તારવ્યું કે યૌવન એની લીલા ફેલાવી રહ્યું છે. એ જ ક્ષણે એણે મક્કમ નિર્ધાર કર્યો.

શેઠ બહાર ગયા એટલે ચંદનાને સારી પેઠે માર મરાવી એના કેશ મુંડાવી તથા તેના પગમાં લોઢાની બેડીઓ નખાવીને મકાનના એક દૂરના ઓરડામાં પૂરી દીધી. નોકરચાકરોને પણ એણે કડક સૂચના આપી દીધી કે શેઠના કાને ચંદના અંગે એક અક્ષર પણ ફરકવો ના જોઈએ.

બેચાર દિવસ તો શેઠની આગ્રહભરી પૂછપરછ છતાં કશો તાગ ના મળ્યો. છેવટે મૃત્યુને આરે પહોંચેલી એક વૃદ્ધ દાસીએ બધો ભંડો ફોડી નાખ્યો. શેઠે બારણું ખોલીને જોયું તો ચંદના હૃદયદ્રાવક સ્થિતિમાં ભોંય ઉપર પડેલી હતી. શેઠ જલદી જલદી કાંઈક ખાવાનું લેવા રસોડામાં ગયા, તો ઉતાવળમાં એક સૂપડામાં પડેલા અડદના બાકળા હાથ લાગ્યા તે ઉપાડી લાવ્યા. ચંદનના હાથમાં સૂપડું સોંપી તે બેડી તોડાવવા લુહારને ત્યાં ઊપડ્યા.

બરાબર તે જ વખતે મહાવીર સ્વામી 'भिक्षां देही' કહીને સામે ઊભા રહ્યા. ચંદના અત્યંત રાજી થઈ ઊભી થઈ. પણ બેડી બાંધેલી હોવાને લીધે એક પગ ઉંબરા બહાર અને એક અંદર એમ ઊભી રહી સાધુને સૂપડાના અડદ ધર્યા. મહાવીર સ્વામીએ જોયું કે બધી શરતો પૂરી થાય છે, પોતાનું પાત્ર સામે ધરે છે

ત્યાં ધ્યાનમાં આવે છે કે યુવતીની આંખમાં આંસુ નથી. પોતાનું પાત્ર પાછું ખેંચી લઈ પાછા ફરતા સાધુને જોઈ દુ:ખથી ચંદનાનું હૈયું ભરાઈ આવે છે. અને એની આંખો આંસુથી છલકાઈ ઊઠે છે. બધી જ શરતો પૂરી થાય છે અને એકસો પંચોતેર દિવસના ઉપવાસનાં અપૂર્વ પારણાં થાય છે. આવાં અપૂર્વ પારણાંની જાહેરાત પણ થાય જ. મૃગાવતી રાણી તો સગપણે પણ મહાવીર સ્વામીના મામાની દીકરી એમ બહેન થાય. એટલે આખો રાજપરિવાર ત્યાં આવી પહોંચે છે. પૂછપરછનું પૂંછડું આગળ વધતું વધતું સૌને આશ્ચર્યમાં ડુબાડી દે છે કે આ ચંદના તો રાણી મૃગાવતીની સગી ભાણેજ, રાજા દધિવાહેની રાજકન્યા વસુમતી પોતે! આગળ ઉપર જ ચંદનાને ભગવાને દીક્ષા આપી 'પ્રવર્તિની'નું પદ આપ્યું.

કાયા-ક્લેશ એ જાણે જૈનઆચારનો એક પર્યાય થઈ પડ્યો છે. પણ કાયા-ક્લેશ એ સામેથી નોતરવાની ચીજ નથી, એ વિચારની પાછળ મહાવીરનું એક મહત્ત્વનું દષ્ટિબિંદુ હતું. એમની દષ્ટિએ કાયા-ક્લેશનો અર્થ એ હતો કે જે કાંઈ પરિસ્થિતિ સામે ઊભી થાય, તેનો સ્વીકાર કરવો. ઊભી થયેલી પરિસ્થિતિથી ભાગવું નહીં કે એ પરિસ્થિતિનો સામનો પણ ના કરવો. મહાવીરના વિચારનું કેન્દ્રબિંદુ જ છે - સ્વીકાર. સંપૂર્ણ સ્વીકાર, નહીં કે પ્રતિકાર.

સ્વીકૃતિ જીવનમાં અને ચિત્તમાં સંમતિ પેદા કરે છે અને સંમતિને પરિણામે સહયોગની પ્રક્રિયા શરૂ થઈ જાય છે, પરિણામે પીડા એ પીડા નથી રહેતી. કોઈ પણ ચીજનો અસ્વીકાર એ પોતે જ એક શૂળ થઈને વેદના ઊભી કરે છે. જ્યારે સ્વીકૃતિ દુ:ખના દુ:ખત્વને ક્ષીણ કરી નાખવામાં ખૂબ મોટો ભાગ ભજવે છે. મહાવીર જીવનના આ પાયાના સત્યને

પામી ગયા હતા એટલે એમના વ્યવહારમાં આપણે પ્રતિકાર ઓછામાં ઓછો જોઈએ છીએ. એમની બાર વર્ષની દીર્ઘ તપસ્યા એ આવાં અગણિત કષ્ટ-સ્વીકારનો ભંડાર જ છે.

હવે તો બારમું વર્ષ પણ પૂરું થવા આવ્યું છે. વિહાર કરતા કરતા મહાવીર ષણ્માનિ નામના ગામમાં આવી પહોંચે છે. ગામ બહાર જ કોઈ એક સ્થાન શોધી ધ્યાનમાં લીન થઈ જાય છે. ફરી પાછો પહેલા જેવો જ એક પ્રસંગ સર્જાય છે. ગામનો એક ગોવાળ આસપાસના જંગલમાં પોતાનાં ઢોર ચરાવતો હતો. મહાવીરને ત્યાં બેઠેલા જોઈ કહે છે, ''મારે ગામમાં ગાયો દોહવા જવું છે, તમે મારાં ઢોર સાચવજો.'' મહાવીર તો અંતસ્થ છે. બળદો તો જોતજોતામાં ઝાડીઓમાં અદશ્ય થઈ જાય છે. ત્યાં પેલો ગોવાળિયો પાછો આવે છે. પોતાના બળદોને ન જોતાં સાધુ મહારાજને પૂછે છે. પણ ધ્યાનસ્થ મહાવીર સુધી કશું પહોંચતું જ નથી. આથી પેલો ગોવાળ ચિડાઈ જાય છે અને તારે કાન છે કે બાકોરાં ? એમ કહીને બે શૂળો લાવીને સાધુ મહારાજના બેય કાનમાં ખોસી દે છે. કોઈ એ શૂળને ખેંચી કાઢી ના શકે એટલે એના બહાર દેખાતા ભાગ ભાંગી નાખી એ રસ્તે પડે છે. મહાવીર સ્વામી આ પીડાનો પણ સ્વીકાર કરી સહી લે છે.

સમય થતાં ભિક્ષા માટે મહાવીર નગરમાં જાય છે. સિદ્ધાર્થ નામનો એક વાણિયો એમનું તેજસ્વી મુખ જોઈ પોતાને ત્યાં ભિક્ષાર્થે લઈ જાય છે. એ જ વખતે એને ઘેર ખરક નામના એક વૈદ્ય બેઠા હોય છે. મહાવીરનો ચહેરો જોઈને એમના ધ્યાનમાં આવી જાય છે કે સાધુના દેહમાં ક્યાંક અસહ્ય પીડા છે. તપાસે છે તો કાનમાં ભયંકર શૂળો ! અંદરના ઘા જોઈ સિદ્ધાર્થ કંપી ઊઠે છે અને વૈદ્યને પ્રભુની પીડા દૂર કરવા વીનવે છે.

મહાવીર તો ભિક્ષા લઈ પાછા ઉપવનમાં આવી ધ્યાનમાં બેસી જાય છે. પણ આવા સહનશીલ તપસ્વીનું ખેંચાણ પેલા બે સજ્જનોને ત્યાં લઈ આવે છે. વૈદ્ય પાસે શૂળ કાઢવાની સાધનસામગ્રી છે. બે ચીપિયા વડે બળપૂર્વક કાનમાંથી શૂળ કાઢવા એ જોર કરે છે. એકીસાથે બંને શૂળો કાનના ગભારામાંથી બહાર ખેંચાઈ આવે છે, પરંતુ એની સાથે લોહીની ગાંઠો પણ ખેંચાઈ આવે છે. આ વખતની આ અસહ્ય પીડાને લીધે મહાવીરના મુખમાંથી કારમી ચીસ નીકળી પડે છે. ધરતીમાતા જેટલી સહિષ્ણુતા ધરાવનાર વ્યક્તિની સહનશીલતા જ્યારે કોઈક સીમાએ પહોંચે છે ત્યારે વેદના પોતે જ કોઈ પીડાથી પીડાતી હોય તેવું લાગે છે. સંભવ છે કે આ ચીસ એ પીડાની ચીસ પણ હોય ! કારણ કે પૃથ્વી પરના અત્યંત કરુણાવાન તથા ક્ષમાશીલ હૃદયવાળા પુરુષના અંતરમાંથી નીકળી પડેલી એ ચીસ હતી. ભવિષ્યમાં આ જ સ્થાન 'મહાભૈરવ' નામથી ઓળખાવા લાગ્યું અને બધી વાત જાણી આશ્ચર્યમૂઢ થયેલા ગામલોકોએ એ સ્થળે દેવાલય ઊભું કર્યું. બાર વર્ષની દીર્ઘ તપસ્યાનું શિખર બનીને સામે આવેલું કષ્ટ મહાવીરે સહી લીધું અને જાણે બાકી રહી ગયેલાં કર્મબંધનો તૂટી પડ્યાં.

હવે તો બાર બાર વર્ષનાં વહાણાં વીતી ગયાં છે. અપાપા વિભાગના જૃંભિક નામના ગામે પહોંચી, નદીના ઉત્તર ભાગમાં એક શાલવૃક્ષ નીચે મહાવીર ઊંચાં ઢીંચણ અને નીચું માથું રાખી ગોદોહાસને ઉભડક બેઠા છે અને ધ્યાનમાં તલ્લીન છે. મધ્યાહ્નનો સૂરજ તપી રહ્યો છે. છ ટંકના નિર્જળા ઉપવાસ થઈ ચૂક્યા છે. વૈશાખ સુદ દશમનો દિવસ છે અને ચંદ્રનો ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર સાથેનો યોગ સધાયો હતો.

ચિત્ત જાણે નર્યા શુદ્ધ નીતર્યા જળનું ઝરણું બની ગયું છે,

પરિણામે એ નિતાંત નિસ્પંદિત છે, જાણે ચોખ્ખું નીરવ નિરભ્ર તરલ આકાશ ! મહાદીપની નિષ્કંપ ઝળહળતી તેજોશિખા ! અવિચળ મહામેરુની જેમ મહાવીર નિશ્ચલ બેઠા છે, અંતસ્તલનાં તમામ આવરણો ભેદીને અંતરતમનું જાણે કોઈ છેલ્લું બંધન પણ તૂટી જતું હોય તેમ દિવસના ચોથા પહોરે જાણે કોઈ અપાર્થિવ પ્રદેશનો સ્પર્શ થાય છે અને જૈન પરિભાષા મુજબ મહાવીરને 'કેવળજ્ઞાન' લાધે છે. શાસ્ત્રકારોના શબ્દોમાં આ કેવળજ્ઞાન નિર્વાણરૂપ, સંપૂર્ણ, પ્રતિપૂર્ણ, અવ્યાહત, નિરાવરણ, અનંત અને સર્વોત્તમ હોય છે.

જૈન વિચાર અનુસાર આત્મા ઉપર જો કશાનું બંધન હોય તો તે કર્મોનું જ છે. તેને કારણે જ આત્માની વિવિધ શક્તિઓ રૂંધાઈ રહે છે. ચેતનાશક્તિનો વિકાસ ન થાય તો આત્મશક્તિનું ભાન થતું નથી. એટલે આ બધાં કર્મોનું આવરણ દૂર કરી મૂળ સ્થિતિ પ્રાપ્ત કરવી એ જ તીર્થંકર મહાપુરુષોનું લક્ષ્ય હોય છે. જ્યાં સુધી કર્મોનું કૂંડું અંતરાત્માની જ્યોતિ ઉપર ઢંકાયેલું રહે છે, ત્યાં સુધી કેવળજ્ઞાન રૂપી જ્યોત ઢંકાયેલી રહે છે. આ કર્મોને મોહનીય, આવરણીય તથા અંતરાય કર્મોમાં વહેંચી આત્મઘાતી કર્મો તરીકે ઓળખાવ્યાં છે. સાધકે બે પ્રકારની સાધના કરવાની રહે છે. બંધાયેલાં કર્મો ઉખેડી નાખવાં અને નવાં કર્મો ઊભાં ન થવા દેવાં. બંને સાધના માટે જુદી જુદી પ્રક્રિયા પણ જૈન ધર્મે સૂચવી છે. બંધાયેલાં કર્મો માટે જૈન ધર્મે તપને અત્યંત મહત્ત્વનું ગણ્યું છે. તપ, ધ્યાન અને અહિંસા આ ત્રણ તત્ત્વો કર્મમુક્તિના મહત્ત્વના દીપસ્થંભો છે.

જીવનનું લક્ષ્ય સધાય છે અને હવે તો સાધનાએ પણ પોતાની ખાસ્સી મજલ કાપી નાંખી છે અને સાધકને વધુ ને વધુ પરિશુદ્ધ કરતી ગઈ છે. અજ્ઞાન, ક્રોધ, ભય, માન, લોભ, માયા, રતિ,

અરતિ, નિદ્રા, શોક, અસત્ય, ચૌર્ય, મત્સર, ભય, હિંસા, પ્રેમાસક્તિ, ક્રીડાસક્તિ, પરનિંદા જેવા અઢાર દોષો સદંતર નિર્મૂળ થાય છે અને મહાવીર 'અરિહંત' એટલે કે માનવવિકાસના મૂળભૂત શત્રુ રૂપ દોષોને હણનારા સિદ્ધ થાય છે. હવે મહાવીર સાધક - છદ્મસ્થ મટી અરિહંત, કેવલી, સર્વજ્ઞ તથા સર્વભાવદર્શી થાય છે. વ્યક્તિગત સાધનાના ઉચ્ચતમ બિન્દુએ પહોંચી જે કાંઈ પ્રાપ્ત કર્યું તેને લોકોમાં વહેંચવાની પ્રેરણા થવી એ પણ સાધનાનો જ એક ભાગ છે. મનુષ્યમાત્રની આ કમબખ્તી છે કે એ લાભ-અલાભ, સુખ-દુ:ખ બંનેને વહેંચવા ઝંખે છે. ધીરે ધીરે મહાવીરના ચિત્તની ગતિ પણ હવે ઉપદેશ દ્વારા લોકશિક્ષણ તરફ વળતી જાય છે. આ સાધુના ચહેરા પરની પરમોજ્વલ કાંતિ જોઈને લોકો પણ તેમના પ્રત્યે ખેંચાય છે. સાધુ નગરમાં પધારે એટલે ધર્મજિજ્ઞાસુઓ ટોળે વળે જ. મહાવીર સ્વામી પાસે પણ લોકો આવવા માંડ્યા. એટલે હવે મહાવીરને પણ પ્રેરણા થાય છે કે અત્યાર સુધીની દીર્ઘ સાધનાને પરિણામે ગાંઠે જે કાંઈ બંધાયું છે તે લોકોમાં વહેંચું અને એ ધર્મોપદેશ આપવાનું શરૂ કરે છે. પરંતુ આ શું? સામે બેઠેલા ભાવિક શ્રોતાજનો ઉપર આ ધર્મોપદેશની જાણે કશી જ અસર થતી નથી. લોકોના પલ્લામાં કશું જ પડતું નથી. તીર્થંકર થઈ ચૂકેલા પુરુષે આપેલો ઉપદેશ આમ નિરર્થક જાય એ ભારે આશ્ચર્યજનક કહેવાય. પણ પ્રભુની લીલા અપાર છે! સંભવ છે કે એ સોનાને વધુ તપાવી શુદ્ધ, પરિશુદ્ધ સો ટચનું સોનું સિદ્ધ કરવા માગતો હોય ! આ પ્રસંગમાં લોકોની મનોવૃત્તિ પણ પ્રગટ થાય છે કે તેઓ તપ, ત્યાગ કે ચિત્તશુદ્ધિને નમતા નથી, ચમત્કાર અને સિદ્ધિને જ નમે છે.

પોતાનો પ્રથમ ઉપદેશ આમ નિષ્ફળ થયેલો જોઈ પોતાનો

માર્ગ કોઈ જીવને સંસારસાગર તરવામાં કામ આવશે કે નહીં એવી શંકા એમના ચિત્તમાં જાગે છે. આના કરતાં એકાંતવાસ સારો એવું પણ કદાચ એમના ચિત્તમાં જાગ્યું હોય, પણ આમ થોડા સાશંક થઈ અપાપા નગરીમાં પાછા ફરે છે. એ વખતે ત્યાં સોમિલ નામના ધનાઢ્ય બ્રાહ્મણે યજ્ઞકર્મ માટે અગિયાર વિદ્વાન દ્વિજોને નિમંત્ર્યા હતા. મહાવીર સ્વામી પાસે આટલા બધા લોકોને જતા જોઈ તેમાંના ઇંદ્રભૂતિ નામના એક બ્રાહ્મણને આ સાધુને ચકાસવાનું મન થયું. પોતાના પાંડિત્યપ્રભાવથી મહાવીરને માત કરવાના ઈરાદાથી પોતાના શિષ્યવૃંદ સાથે એ આવી પહોંચ્યો. પણ મહાવીરની શાંત, જ્ઞાનગંભીર અને તેજસ્વી મુખમુદ્રા જોઈ થોડો છોભીલો પડી ગયો. તેમાં એને જોતાવેંત મહાવીરે કહ્યું: ''પધારો ઇન્દ્રભૂતિ !'' એટલે તો એ સાવ દિગ્મૂઢ થઈ ગયો. પણ વળી અહમે માથું ઊંચક્યું કે મારું નામ તો સર્વત્ર ફેલાયેલું છે એટલે ઓળખતા પણ હોય. મારા મનમાં જે મુખ્ય સંશય છે તેને પકડી પાડે તો એમની મહત્તા સ્વીકારું. ત્યાં મહાવીર બોલ્યા, ''હે બ્રાહ્મણ ! તારા હૃદયમાં જીવ છે કે નહીં એ બાબત સંશય છે પણ હું તને કહું છું કે જીવ છે જ. ચિત્ત, ચૈતન્ય, વિજ્ઞાન, સંજ્ઞા આદિ લક્ષણોથી તે પ્રત્યક્ષ જાણી શકાય છે. તે જો ન હોય તો પુણ્ય-પાપનું પાત્ર જ ક્યાં રહે?''

અને ગૌતમ ઇન્દ્રભૂતિ અભિભૂત થઈને મહાવીરના ચરણ પકડી લે છે, ''પ્રભુ ! મારું શરણું સ્વીકારો. આજથી તમે જ મારા ગુરુ !''...પછી તો બાકીના બધા બ્રાહ્મણો મહાવીરને માત કરવા કમર કસી આવતા ગયા અને અંતે એમનું શરણું સ્વીકારતા ગયા. અગિયારે બ્રાહ્મણો સાથેનો છિન્નસંશયી સંવાદ ખૂબ મજાનો છે. જીવનના મૂળભૂત પ્રશ્નોની ચર્ચા તેમાં આવરી

લેવાઈ છે. એક રીતે મહાવીર સ્વામીનો જ્ઞાનપ્રાપ્તિ પછીનો આ પહેલો ઉપદેશ છે. સાથોસાથ મૂળભૂત ઉપદેશ પણ છે. સદ્ભાગ્યે આ પ્રથમ ઉપદેશ શબ્દશઃ સંઘરાયેલો આજે પણ હાથવગો છે.

મહાવીર સ્વામી પાર્શ્વનાથની જૈન પરંપરામાં ઊછર્યા હતા. પાર્શ્વપરંપરા ચતુર્યામી હતી. અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ - આ ચાર મહાવ્રત એના મુખ્ય સ્થંભ હતા. પોતાની સાધના, આત્મચિંતન તેમ જ અનુભવોને આધારે મહાવીરને જણાયું કે આ મહાવ્રતોમાં સંયમને સ્થાન આપવું પણ જરૂરી છે. એમણે તો ત્યાં સુધી કહ્યું કે 'संयमो खलु धम्मो' - સંયમ એ જ ધર્મ છે. આમ, જૈન ધર્મમાં બ્રહ્મચર્યનું મૂલ્ય દાખલ થયું.

સંયમના મૂલ્ય ઉપરાંત આચાર ધર્મમાં એમણે એક નવા આચારને ઉમેર્યો તે છે પ્રતિક્રમણનો આચાર. સાધનાપથમાં આ પ્રતિક્રમણની પ્રક્રિયા અત્યંત મહત્ત્વની પ્રક્રિયા છે. ભીતરની મૂળભૂત ચેતનામાં સ્થિર થવા માટે બહિર્જગતમાં ફેલાયેલી ચેતનાને ભીતર તરફ વાળવાની પ્રક્રિયા તે છે પ્રતિક્રમણ. આક્રમણ તો આપણે ડગલે ને પગલે કરીએ છીએ, આ મહાવિજ્ઞાની જીવનનો એક નવો આયામ ખોલી આપતાં કહે છે કે ચોમેર ફેલાયેલી ચેતનાનું મોઢું બદલો, એને અંદર વાળો અને ધ્યાનમાં સ્થિર થાઓ.

મહાવીર પાસે આવીને જો કોઈ મહાવીરથી બિલકુલ વિપરીત વાત કરે તોપણ એ કહેતા કે એ પણ સાચો હોઈ શકે. મહાવીરનો 'જ' વાદ નથી, 'પણ' વાદ છે. હું જ સાચો એમ નહીં, પરંતુ હું પણ સાચો હોઈ શકું, તમે પણ સાચા હોઈ શકો. સત્ય વ્યાપક ચીજ છે, એને માનવીની સીમિત દૃષ્ટિમાં બાંધી

લઈ શકાય નહીં. આ જ મહાવીરની ખૂબી છે. એમના આવા અભિગમને લીધે એમનામાં સર્વસંગ્રહકતા દેખાય છે. મહાવીરને આગ્રહ કરવામાં રસ નથી, સંગ્રહ કરવામાં રસ છે. સંઘરો સ્થૂળ ચીજોનો નહીં, સંગ્રહ સત્યોનો. તારું સત્ય, મારું સત્ય, એનું સત્ય. . . . અનેક સત્યો મળીને પણ, શેષ સત્ય રહી જશે. માટે ખુલ્લા રહેવું. 'સ્યાત્' એટલે 'આવું જ છે' એવી એકાન્તિક હઠ નહીં, પરંતુ 'કદાચ એવું પણ હોય' આવો સમન્વય સાધનાર સિદ્ધાંત.

મહાવીરના આ સ્યાદ્વાદમાં વિરોધ કે સંઘર્ષ નહીંવત્ થઈ જાય છે. એ સાગરપેટા બની જાય છે, જેમાં પરસ્પર વિરોધી વાતો પણ એકસાથે રહી શકે છે. મહાવીરનો આ વિચાર એ એમની અનન્ય દેણગી છે. અહિંસાનો વિચાર તો ભારતીય પરંપરામાં અગાઉ પણ જોવા મળે છે, પરંતુ મહાવીર સ્વામીની આ વાત અજોડ છે.

## ૭. કૈવલ્યપ્રાપ્તિ પછીનું પ્રબોધનપર્વ

મહાવીર હવે તીર્થંકર તરીકે ઓળખાવા લાગ્યા છે. જૈન ધર્મ સામાન્ય કૈવલ્યજ્ઞાની અને તીર્થંકર વચ્ચે ભેદ કરે છે. તીર્થંકરને તેમનાં પૂર્વકર્મને બળે કેટલાક 'અતિશયો' પ્રાપ્ત થાય છે. 'અતિશય' એટલે ગુણની પરાકાષ્ઠા. આ તેમની પૂર્વની પુણ્ય-પ્રકૃતિનું ફળ છે. 'લબ્ધિ' નામે ઓળખાતી સિદ્ધિઓ તો કોઈ પણ પ્રકારના તપ કરનારને મળે છે, જેમાં રોગ મટાડવાની શક્તિ, પાંચ ઇંદ્રિયના વિષય ગમે તે એક ઇન્દ્રિયથી ભોગવવાની શક્તિ, દૂર દૂરનાં સ્થળો સુધી ઝટ જઈ પહોંચવાની શક્તિ,

આકાશ-જળ ઉપર અગ્નિ-વાયુ-ઝાકળ વગેરેનું અવલંબન કરી જવા-આવવાની શક્તિ, સામાને બાળી નાખવાની કે તેવી શક્તિને શાંત કરવાની શક્તિ, શરીરને નાનું-મોટું કે હલકું-ભારે કરવાની શક્તિ કે વશીકરણ-અંતર્ધાન વગેરેની શક્તિ. તીર્થંકરને આ લબ્ધિ કરતાં ક્યાંય ચઢી જાય તેવા આડત્રીસ અતિશયો પ્રાપ્ત થાય છે. એ બધામાં વિગતે જવું અપ્રસ્તુત છે. આપણી દષ્ટિએ તો મુખ્ય ચીજ છે ચિત્તશુદ્ધિ. શુદ્ધિને પરિણામે જે સિદ્ધ થાય તે જ અમૂલી સિદ્ધિ. શુદ્ધિ અને પ્રભુતાને ગાઢો સંબંધ છે. કહેવાયું જ છે કે cleanliness is next to Godliness. આ શુદ્ધિ, સ્વચ્છતા કેવળ બાહ્ય નથી. અંતર્બાહ્ય બંને પ્રકારની સ્વચ્છતા, શુદ્ધતા ચિત્તને પ્રભુતા ભણી દોરી જાય છે. તીર્થંકરનો સ્થૂળ અર્થ થાય છે તીર્થને રચનારો. જીવન સરિતાને ઓવારે પોતાના જીવનનું જે મહાતીર્થ રચી આપે તે તીર્થંકર.*

આશ્ચર્યની બાબત લાગે છે કે મહાવીરને પ્રથમ ઉપદેશમાં જ ૧૧ બ્રાહ્મણો શિષ્યરૂપે પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત ચંદના તથા બીજી સ્ત્રીઓને પણ મહાવીર દીક્ષા આપે છે. બુદ્ધ અને મહાવીરનો આ એક દેખીતો ફરક છે. મહાવીર સ્વામીએ પ્રારંભથી જ સ્ત્રીઓને દીક્ષા આપી હતી, જ્યારે ભગવાન બુદ્ધનો પટ્ટશિષ્ય આનંદ એક સ્ત્રીને ભિક્ષુસંઘમાં લઈ આવે છે, ત્યારે બુદ્ધ કહે છે કે આનંદ, તું એક મોટું જોખમ ઉઠાવી રહ્યો છે.

---

*આવું મહાતીર્થ પછી અનેકોની મલિનતા ધોવાનું અને જીવનમાં અજવાળાં પાથરવાની શક્તિ આપનારું પવિત્ર તીર્થધામ બની જાય. જૈન ધર્મમાં આવા ૨૪ તીર્થંકરો થઈ ગયા. પ્રથમ તીર્થંકર ઋષભદેવ તો હિંદુ પરંપરાના પણ અવતારી પુરુષ મનાય છે. મહાવીર સ્વામીને ચરમ તીર્થંકર – અંતિમ તીર્થંકર તરીકે સ્વીકારવામાં આવે છે.

સંભવ છે કે જૈન ધર્મની સ્ત્રીઓને દીક્ષા આપવાની પ્રણાલીનાં કાંઈક માઠાં પરિણામોમાંથી સમાજને પસાર થવું પડ્યું હોય. આ ઉપરાંત, જે સ્ત્રી-પુરુષો સંસારત્યાગ ન કરતાં શ્રદ્ધાપૂર્વક મહાવીરનું શરણ સ્વીકારે તેનો શ્રાવક કે શ્રાવિકા વર્ગ સ્થાપ્યો. તેમની સેવામાં અનુકૂળ ગૃહસ્થ વર્ગ પણ રહેતો. જેમને માટે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત નક્કી કર્યાં. આમ ધર્મોપદેશ કરતાં કરતાં, જુદી જુદી કક્ષાના સાધકવર્ગને જુદી જુદી રીતે મદદ પહોંચાડતા મહાવીર પ્રભુ રાજગૃહ ચાતુર્માસ નિવાસ માટે આવી પહોંચે છે. આ નિવાસ દરમિયાન અનેક લોકો દીક્ષા ગ્રહણ કરે છે, જેમાં ત્યાંના પાટવીકુંવર મેઘકુમાર તથા રાજપુત્ર નંદિષેણની ઘટના નોંધનીય છે.

આ અરસામાં એટલે ઈ. પૂ. છઠ્ઠા સૈકામાં મગધમાં બિંબિસાર નામનો એક પ્રતાપી રાજા થઈ ગયો. આ રાજા બુદ્ધ-મહાવીરનો સમકાલીન હતો. એના વિશે અનેક કિંવદંતીઓ ચાલે છે. કહે છે કે એક વખતે કુશાગ્રનગરમાં વારંવાર આગ લાગવાના બનાવો થવા માંડ્યા એટલે કંટાળીને રાજાએ ઘોષણા કરાવી કે જેના ઘરમાંથી આગ શરૂ થશે, તેને નગરમાંથી બહાર કાઢી મૂકવામાં આવશે. હવે થયું એવું કે એક વખત – રાજાના રસોઈયાની બેદરકારીથી રાણીના મહેલમાં જ આગ શરૂ થઈ. એટલે રાજાએ પોતાના પુત્રોને જણાવ્યું કે જે કુમાર આ મહેલમાંથી જે ચીજ ઉપાડી જશે તે તેની થશે. બીજા રાજકુમારો પોતપોતાને મનગમતી કીમતી ચીજો ઉપાડીને ભાગવા લાગ્યા ત્યારે આ કુંવરે રાજાઓના દિગ્વિજયમાં મંગળરૂપ જયચિહ્ન મનાતું ભંભાવાદ્ય ઉપાડ્યું. રાજા એની પસંદગી જોઈ ખુશ થયો અને તે વખતથી એનું શ્રેણિક નામ બદલાઈ ભંભાસાર પડ્યું, જેના પરથી બિંબિસાર થયું. આ

બિંબિસારનો દીકરો તે મેઘકુમાર.

મહાજ્ઞાની ભગવાન મહાવીર પધારી રહ્યા છે એટલે નગરના લોકોનાં ટોળેટોળાં પ્રભુનાં દર્શન માટે ઊમટે છે. અનેક રાજપુરુષો, યોદ્ધાઓ, કર્મચારીઓ, ઈનામદારો, મુખીઓ, નગરશેઠો, સેનાપતિઓ, બ્રાહ્મણો તથા ગરીબ લોકો સૌ કોઈ સ્વામીનાં દર્શન માટે અધીરા થઈ ગયા છે. કોઈ અસાધારણ તપસ્વી સાધુ રાજધાનીમાં આવ્યો છે, એ વાત ત્યાંના રાજાને કાને પણ પહોંચે છે. તે કાળે સમાજમાં ધર્મનું એટલું વર્ચસ્વ તો હતું કે રાજ્ય કરનારા ધુરંધરો પણ સાધુસંતો પોતાના નગરમાં આવતા રહે અને એમના સત્સંગનો લાભ લોકોને મળતો રહે તેવું ઈચ્છતા. સાધુસંતોને પ્રવાસ તેમ જ નગરનિવાસ દરમિયાન કશી તકલીફ ન પડે તે માટે તેઓ ચીવટ રાખતા. મહાવીર સ્વામીના આગમનના ખબર બિંબિસારના રાજપુત્ર મેઘકુમારને કાને પડે છે. અને લોકોની આટલી ભીડ જોઈ તે પણ સાધુનાં દર્શન માટે આતુર બને છે. ચાર ઘંટવાળા અશ્વરથ પર બેસી તે મહાવીરના ઉતારા પર જાય છે. સાધુ મહારાજને દૂરથી જ જોઈ રથ ઉપરથી ઊતરી પગપાળા જ ભગવાન પાસે જઈ બધાની વચ્ચે બેસે છે. એનું ધ્યાન જાય છે કે શ્રોતાજનોમાં રાજા શ્રેણિક તથા અન્ય કુટુંબીજનો પણ બેઠેલા છે.

મહાવીરની તો જ્ઞાનગંગા વહે છે. જાતજાતનાં દષ્ટાંતો આપી મુખ્ય તત્ત્વને સરળ, સુપાચ્ય કરી લોકોના માનસમાં સ્થિર કરી દે તેવી તેમની સરળ શૈલી હતી. અનેક દાખલા-દલીલો, રોજિંદી ઘરગથ્થુ કહાણીઓ . . . પણ એ બધાને અંતે જે સાર નીકળતો તે જાણે સીધો એમના જીવનવલોણામાંથી ઊતરી આવેલા માખણ સમો સૌને ગળે સીધો ઊતરી જતો. પ્રત્યક્ષ જીવનના આચરણની પીઠિકા ઉપરથી પ્રબોધાયેલો ઉપદેશ સૌને

સ્પર્શી જતો. રાજકુમાર તો મંત્રમુગ્ધ થઈ તૃષાતુરને શીતળ જળ મળ્યાનો અનુભવ કરતો રહ્યો. વ્યાખ્યાન પૂરું થતાં જ મહાવીર પાસે જઈને બોલ્યો, ''ભગવાન, તમે જે કહ્યું તે મને ગળે ઊતરી ગયું છે. હું એ રીતે પુરુષાર્થ કરવા ઇચ્છું છું. તે માટે આપનું સાન્નિધ્ય ઇચ્છું છું. હું મારાં માતાપિતાની સંમતિ લઈને આવી પહોંચું છું.''

''તને જેમ સુખ થાય તેમ તું કર'' – ભગવાને જવાબ આપ્યો. મેઘકુમાર તો વાવાઝોડાની જેમ રાજમહેલે પહોંચી માતાપિતાને પ્રણામ કરી બોલ્યો, ''આજે મેં ભગવાન મહાવીરની વાણી સાંભળી. મને તે ખૂબ જ ગમી ગઈ.''

''વાહ ! વાહ ! ધન્ય છે તું જેથી તને ધર્મમાં શ્રદ્ધા થઈ !'' માબાપે ખુશ થતાં કહ્યું.

''મને મહાવીર પ્રભુના ઉપદેશ પ્રમાણે વર્તવાની અને તેમના સાન્નિધ્યમાં રહેવાની પ્રબળ ઇચ્છા જાગી છે. તે માટે મને અનુમતિ આપો.''

અને જાણે વીજળી પડી. ઘડી પહેલાંની ખુશી દુઃખના દરિયામાં પલટાઈ ગઈ. રાજમાતા તો મૂર્છિત થઈને જમીન ઉપર ઢળી પડી. અનેક પ્રસંગોમાં બન્યું છે તેમ આ માતા પણ પુત્રના સંન્યાસના સમાચારે જાણે ધરતીકંપ અનુભવે છે. જેની ચિત્તસૃષ્ટિ સમક્ષ સંન્યાસનું ઐશ્વર્ય ખૂલ્યું નથી, તે અણધાર્યો આઘાત અનુભવે છે.

પોતાના પુત્રને જુદી જુદી રીતે સમજાવી જુએ છે. સામસામો વાદ-પ્રતિવાદ થાય છે, પણ મેઘકુમાર અડગ રહે છે. છેવટે હાથમાંથી બાજી જતી રહેતી જોઈ મા એક બીજો જ પાસો નાખી જુએ છે. ''કુંવર, તારે જવું હોય તો જા, પણ મને એક વાર તને રાજારૂપે જોવા ઇચ્છા છે. તેટલી માગણી તું પૂરી કરતો જા.''

''ભલે'' - કહીને મેઘકુમારે તો સંમતિ આપી. રાજા બિંબિસારે પણ આ વાતને તરત જ વધાવી લીધી. પુત્રનો રાજ્યાભિષેક કરી ધર્મ તરફ વળી જવાની એના હૃદયની પણ લગન હતી. ભારે ઠાઠમાઠ અને ધામધૂમથી મેઘકુમારનો રાજ્યાભિષેક થાય છે અને પુત્રને કહે છે, ''તારો વિજય થાઓ! સમસ્ત મગધ રાજ્યનું આધિપત્ય તું કાયમ માટે ભોગવતો, રાજા ભરતની જેમ રાજ્ય કર અને સંસારમાં જ રહે.''

પરંતુ મેઘકુમારની યોજના તો કાંઈક જુદી જ હતી. રાજા થયા પછી સૌ પહેલો હુકમ એણે છોડ્યો કે, ''બજારમાં જઈને જૈન સાધુ રાખે છે તેવું રજોહરણ અને પાત્ર લઈ આવો તથા મારા કેશ કાપવા હજામ બોલાવો.''

કોઈ રીતે નહીં હારેલા પુત્રના કેશ માતાએ રત્નના દાબડામાં સંતાડી દીધા. પછી પુત્રને વિધિપૂર્વક મહાવીર આગળ દીક્ષા અપાવી. મહાવીરે પણ એનો સ્વીકાર કર્યો. ગળગળી થતી માએ છેલ્લું વાક્ય ઉચ્ચાર્યું, ''બેટા ! આ માર્ગમાં પુરુષાર્થ કરજે, લેશ પણ પ્રમાદ ન કરીશ. તારા દાખલાથી અમે પણ આ માર્ગે વિચરીએ એવું થજો.''

સંસારી સંબંધીઓ પાછા ફર્યા: હવે મેઘકુમારનું નવજીવન આરંભાયું. સાધુસમુદાયના ઉતારામાં જ રાતવાસો કરવાનો હતો. સૂતી વખતે મેઘકુમારનું સ્થાન છેક છેલ્લું ઝાંપા પાસે આવ્યું. આખી રાત લઘુશંકા કે શૌચ માટે કોઈ ને કોઈ જતું-આવતું રહ્યું અને એમના પગ કે હાથની ઠેસો મેઘકુમારને વાગતી રહી; વળી અવરજવરને લીધે ધૂળ પણ ઊડતી રહી. નવું સ્થાન, નવો વેશ-પરિવેશ. . . મેઘકુમાર આખી રાત મટકું સુધ્ધાં માંડી શક્યો નહીં.

''જે સાધુઓ હું રાજમહેલમાં હતો, ત્યારે મારું સન્માન

કરતા, તે જ હવે હું સાધુ થયો એટલે મને ઠેબે ચડાવે છે? આવી દીક્ષા મને ન પાલવે! સવાર પડતાં જ હું તો ભગવાનની રજા લઈ મારે ઘેર પાછો ચાલ્યો જઈશ.''

સવારે મહારાજ પાસે પહોંચ્યો ત્યાં જ મહાવીર બોલ્યા, ''મેઘ ! આખી રાત તું સૂતો લાગતો નથી. સતત અવરજવર થતી રહે એટલે એવું જ થાય, પણ તેથી કાંઈ તારે મૂંઝાવાનું કે ખેદ કરવાનું કારણ નથી.'' આમ કહીને મહાવીર સ્વામીએ પૂર્વજન્મોની જુદી જુદી યોનિમાં દાખવેલાં બળ, વીર્ય, પુરુષાર્થ, વિવેક, સમભાવ તથા સહનશક્તિનું વર્ણન કરી સમજાવ્યું કે, ''એ જન્મોમાં તેં આટલું કરી બતાવ્યું અને હવે સહેજ અમથી અવરજવર કે ધૂળ ઊડવાથી તું આટલો બધો વ્યાકુળ થઈ જાય, એ તને શોભે ખરું?''

અને મેઘકુમારનું ચિત્ત પાછું શાંત થઈ ગયું. એના આખા શરીરમાં રોમાંચ થયો. ભગવાનને પગે પડી જઈ બોલ્યો, ''હે પ્રભુ ! આજથી મારું આ શરીર બધા જ સંતશ્રમણોની સેવામાં સમર્પું છું.''

આવો જ બીજો રસપ્રદ કિસ્સો કુમાર નંદિષેણનો છે. એ મેઘકુમારનો નાનો ભાઈ હતો. મોટા ભાઈની પાછળ પાછળ એણે પણ પિતા પાસે સાધુ થવાની રજા માગી. બધાએ એને ઉતાવળ ના કરવા સમજાવ્યો, પણ 'તપથી હું મારા સ્વભાવને જીતી લઈશ' એવો હઠાગ્રહ સેવી છેવટે એ સાધુ થયો.

પણ જિતેન્દ્રિયતા એવી હાથવગી થોડી જ છે ! થોડા જ વખતમાં તુમુલ સંઘર્ષ ઊભો થયો. આ દુશ્મનો કોઈ બહારના દુશ્મનો નહોતા. જાત સાથેની આ લડાઈ હતી. તેનામાં વારંવાર ભોગની વાસના પ્રબળ થઈ ઊઠતી. તે વખતે તે વધારે ને વધારે ઉપવાસ વગેરે કરી દેહને દંડવાનો પ્રયત્ન કરતો. કેટલીક વાર તો

નિરાશ થઈ તે આપઘાત વહોરવા પણ તૈયાર થઈ જતો.

એક વખતે છ ટંકના ઉપવાસનાં પારણાં માટે ભિક્ષા માગતો એ એક ઘરના આંગણે જઈ ઊભો અને વિધિ પ્રમાણે બોલ્યો, ''ધર્મલાભ !''

અંદરથી એક સ્ત્રી હસતી હસતી આવીને બોલી, ''મહારાજ, અમારે વેશ્યાઓને તો અર્થલાભ ઘણો, ધર્મલાભની શી જરૂર ?''

આથી નંદિષેણ મુનિને ગુસ્સો આવ્યો. પોતાના તપના બળથી રત્નોનો ઢગલો કરતાં ગુસ્સામાં બોલ્યો, ''લે આ અર્થલાભ પણ !''

પેલી સ્ત્રી તો રત્નોનો ઝળહળાટ જોઈ આભી જ થઈ ગઈ. એણે હવે ધ્યાનપૂર્વક મહારાજ સામે જોયું. જન્મે રાજકુમાર અને વળી હવે તપનું તેજ ભળ્યું હતું, એટલે એ તો એના સ્વરૂપ ઉપર વારી ગઈ. તરત જ મુનિનો હાથ પકડી ઘરમાં ખેંચી જતી બોલી, ''નાથ ! તમે ધર્મલાભ અને અર્થલાભ તો કરાવ્યો, પરંતુ હવે તો હું તમારી પાસે ભોગલાભ પણ ઈચ્છું છું. જો તમે ના પાડશો તો મારા પ્રાણ તમારા ચરણમાં તજી દઈશ, એની ખાતરી રાખજો.''

આગ અને તેલ સાથે ! ભડકો થાય જ. વાસના ભડકી ઊઠી અને મનની સાથે છેતરપિંડી શરૂ થઈ – ''અહીં રહીને પણ રોજ ઓછામાં ઓછા દશ જણને ધર્મોપદેશથી સમજાવી દીક્ષા માટે ભગવાન પાસે મોકલીશ, ત્યાર બાદ જ જમીશ.''

લાંબા સમય સુધી આ ક્રમ ચાલ્યો. એક વખતે રસોઈ તૈયાર થઈ જવાથી અંદરથી ઉપરાછાપરી કહેણ આવતાં રહ્યાં, પરંતુ આજે હજુ સુધી કોઈ દસમો માણસ દીક્ષા માટે તૈયાર થતો નહોતો. સામે ઊભેલા સોનીને ઘણો સમજાવ્યો, પણ એ

સંસારત્યાગ કરવા તૈયાર જ નહોતો થતો. છેવટે વેશ્યા પોતે ત્યાં હાજર થઈ ગઈ અને નંદિષેણને જમવા માટે આગ્રહ કરતી રહી. નંદિષેણ બોલ્યો, ''પણ દસમો કોઈ તૈયાર થાય ત્યારે હું જમું ને ?''

ત્યારે પ્રેમપૂર્વક હસીને પેલી સ્ત્રી બોલી, ''ત્યારે એ દસમા તમે જ થાઓ ને !''

તેજીને ટકોરો ઘણો ! નંદિષેણ ચોંકી ઊઠ્યો. આ તે મારો કેવો ધર્મબોધ ? હું પોતે ઘરમાં વસું, ભોગો ભોગવું અને બીજાને ગૃહત્યાગ માટે કહું ? અને હાયવોય કરીને છાતીફાટ રડતી ગણિકાને છોડી તે પાછો મહાવીર પાસે પહોંચી ગયો, પ્રાયશ્ચિત્તપૂર્વક ફરી દીક્ષા ગ્રહણ કરી અને મૃત્યુપર્યંત પોતાના વ્રતમાં આંચ આવવા ન દીધી.

મહાવીર પાસે સ્ત્રીઓ પણ દીક્ષા લેતી, તેમાં રાજકુળની સ્ત્રીઓ પણ હતી. કૌશાંબીની રાજકન્યા જયંતીના મહાવીર સ્વામી સાથેના સંવાદ પરથી ખ્યાલ આવે છે કે તે વખતની ભારતીય નારી તત્ત્વજ્ઞાનના વિષયમાં કેટલું જાણતી-સમજતી હતી અને જીવનના સત્યને પામવા કેટલું ઝંખતી હતી. ભગવાન સાથેની પ્રશ્નોત્તરીથી આત્મસમાધાન મેળવી છેવટે તે પ્રવ્રજ્યા સ્વીકારે છે અને ઘણાં વર્ષો સુધી પોતાના સાધ્વી પદને શોભાવે છે.

મહાવીર સ્વામીની આ ધર્મયાત્રા દરમિયાન મગધમાં યુદ્ધ થઈ રાજ્યક્રાંતિ થાય છે. શ્રેણિકનો રાજ્યકાળ લાંબો ચાલવાથી અધીર થઈ એના પુત્ર કૂણિકે એને કેદમાં પુરાવી રાજ્ય છીનવી લીધું. આ કૂણિકનો વૈશાલીના રાજા ચેટક સાથે નાનકડી તુચ્છ વાતમાં ઝઘડો થાય છે, પરિણામે એ વૈશાલી પર ચડાઈ કરે છે. આ મહાભયંકર યુદ્ધમાં કૂણિકના દશે ભાઈઓ મરાય છે.

ભગવતીસૂત્રમાં મહાવીરના મુખે જ જણાવવામાં આવ્યું છે કે એ સંગ્રામમાં કુલ ૯૬ લાખ લોકો મરાયા. જે યુગમાં અહિંસાના મૂલ્યનો આટલો મહાન સૂત્રધાર થઈ ગયો, તે જ યુગમાં આવાં ભયંકર યુદ્ધો પણ ખેલાતાં રહ્યાં એ નસીબની બલિહારી છે. સ્પષ્ટ છે કે ધર્મ એ જાણે જીવનનો કોઈ અલાયદો ખંડ હોય તેમ એકાંગી તત્ત્વ તરીકે સ્વીકારાતો. ધર્મે રાજકારણમાં કે વ્યાપારકારણમાં પ્રવેશ કરવો જોઈએ એ વાત હજી આવી નહોતી. અહિંસાનું મૂલ્ય પણ વ્યક્તિગત જીવનમાં હતું, સામાજિક જીવનમાં તો હિંસા, સ્પર્ધા જ પ્રચલિત હતાં.

સંન્યાસદીક્ષા લીધા પછીનું તેરમું ચોમાસું બેઠું, ત્યારે ભગવાન મહાવીર ફરતા ફરતા પોતાના મૂળ વતન તરફ આવતા જાય છે. હવે તો તેમનાં લૌકિક માતા-પિતા સદેહે રહ્યાં નથી. મોટા ભાઈ નંદીવર્ધન હયાત છે, અને હયાત છે ભગવાનની પુત્રી પ્રિયદર્શના અને જમાઈ જમાલિ. યશોદા વિશે તો ક્યાંય એક અક્ષર સુધ્ધાં જાણવા મળતો નથી.

ક્ષત્રિયકુંડમાં ભગવાન પધારે છે ત્યારે સમગ્ર રાજકુળ પ્રભુનાં દર્શને આવી પહોંચે છે. એમનો ધર્મોપદેશ સાંભળ્યા બાદ જમાલિ દીક્ષા લેવા તત્પર થઈ ઊઠે છે. માતાપિતાની સંમતિ લેવા જાય છે, ત્યારે મા-દીકરા વચ્ચે સુંદર સંવાદ થાય છે. નાછૂટકાની એમની સંમતિ લઈ ભગવાન પાસે પ્રવ્રજ્યા લે છે. પ્રભુની કન્યા પ્રિયદર્શના પણ બીજી એક હજાર સ્ત્રીઓ સાથે દીક્ષા લે છે. દીક્ષા લીધા પછી ઘણાં વર્ષો સુધી ત્યાગ, તપસ્યા, વિચરણ તથા ઉપદેશ-યાત્રાઓ કર્યા પછી જમાલિને તપની આત્યંતિકતા અંગે શંકા પેદા થાય છે અને નવો સંપ્રદાય ઊભો કરે છે.

મહાવીર સ્વામીના શિષ્યોમાં રાજામહારાજાઓ, રાજપુત્રો,

રાજપુત્રીઓ, રાણીઓ ઉપરાંત શ્રેષ્ઠી-મહાત્યોથી માંડીને સામાન્ય કહેવાય તેવા લોકો પણ સામેલ હતા. એક વખતે એક કઠિયારાને દીક્ષા લેવાની પ્રેરણા થાય છે. સંન્યાસ એ તો વૃત્તિ છે, તેમાં કેટલું છોડવું તેનું મહત્ત્વ નથી, પોતાની પાસે જે કાંઈ છે તે બધું તજી દેવાની વૃત્તિ થવી એનું મહત્ત્વ છે. કોઈ રાજા રાજપાટ છોડી દે અને કોઈ ભિખારી એની લંગોટી છોડી દે તો સંન્યાસ ધર્મમાં આ બંને ત્યાગનું મૂલ્ય સમાન છે. પરંતુ સાધારણ જનમાનસ ત્યાગવૃત્તિ સાથે ધનસંપત્તિ, માલ-મિલકતને જોડી દે છે. એટલે દીક્ષા લીધા પછી પેલો કઠિયારો ભિક્ષા માગવા નીકળતો તો એના પૂર્વાર્ધને જાણતા લોકો એને ટોણો મારતા, ''મહેનતમજૂરી કરવી પડતી હતી એટલે જ આ મફતનું ખાવા દીક્ષા લીધી છે ને ?''

આથી, કંટાળીને પેલો કઠિયારો બહારગામ ચાલ્યા જવાનું કહેવા લાગ્યો. ત્યાંના રાજાના ધ્યાનમાં આ વાત આવી. એ મર્મજ્ઞ હતો. તરત જ તેણે રાજ્યભંડારમાંથી ત્રણ કરોડ રત્નોનો ઢગલો રાજમાર્ગ પર કરાવ્યો અને ઢંઢેરો પિટાવી લોકોને ભેગા કર્યા. પછી ઘોષણા કરી કે, ''જે પુરુષ સચિત્ત જળ, અગ્નિ અને સ્ત્રીનો સર્વથા ત્યાગ કરે તેને હું આ ઢગલો આપી દઈશ.'' ત્યારે લોકો વિચારવા લાગ્યા કે જે ધન વડે ખાનપાન વગેરે ભોગવિલાસ અને સ્ત્રીરૂપી રત્નો ભોગવવાનાં ન હોય તે ધન મેળવીને શું કરવાનું ?'' ત્યારે અભયકુમાર લોકોને મહેણું મારી સાન ઠેકાણે લાવવા કહે છે કે, ''ખાનપાન તેમ જ સ્ત્રીરૂપી ત્રણ રત્નોને તમે આ ધનના ઢગલા કરતાં વધારે કીમતી સમજી સંઘરી રાખવા ઈચ્છો છો, તે ત્રણ રત્નને ઠોકરે મારનાર આ કઠિયારાના ત્યાગની તમને કશી કદર કેમ નથી થતી ? તમે એને ખાવા માટે સાધુ થયો છે એમ કહી નિંદો છો શા માટે ?'' - લોકોને તરત

જ પોતાની ભૂલ સમજાય છે.

જમાલિએ જે રીતે જુદો ફાંટો કર્યો એ જ રીતે ગોશાલક નામના એક શિષ્યે 'આજીવિક સિદ્ધાંત' સામે ધરી નવો સંપ્રદાય શરૂ કર્યો. જિનપદ પ્રાપ્ત કર્યા પછીના પરિભ્રમણમાં ગોશાલકના સિદ્ધાંતનું ખંડન કરી આજીવિકોપાસકોને તેમના માર્ગમાંથી છોડાવી પોતાના માર્ગમાં લાવે છે. આ સિદ્ધાંતનું સળંગ નિરૂપણ કરતો એક પણ ગ્રંથ આજે પ્રાપ્ય નથી. જે કાંઈ ઉલ્લેખો મળે છે તે જૈન તથા બૌદ્ધોના ગ્રંથોમાં મળે છે.

ગોશાલક ઘણાં વર્ષો પહેલાં મહાવીરને મળ્યો હતો. ત્યાર પછી ઠેઠ હવે મળે છે. એ ઘટના આ મુજબ છે :

દીક્ષા લીધા પછીનું બીજું ચોમાસું બેઠું હોય છે. રાજગૃહ નજીકના નાલંદા નામના ઉપનગરમાં કોઈ વણકરના ડેલામાં મહાવીર સ્વામીનો ઉતારો છે. આ સ્થળે એમને એક એવા પુરુષની સોબત થાય છે, જે એમની મહાવીરતાને સારી પેઠે હંફાવે છે. તે પણ એક સાધુ છે. એકદંડી સંપ્રદાયનો ગોશાલક નામનો એ નવોસવો સાધુ હતો.

આ ચાતુર્માસ દરમિયાન મહાવીરના મહિના-મહિનાના લાંબા ઉપવાસોનો અને પારણાં વખતે મળતી વિપુલ ભિક્ષાથી ખેંચાઈને ગોશાલક મહાવીરનો શિષ્ય થવા લલચાયો એવું પણ કહેવાય છે. હજી એણે અંતિમ નિર્ણય લીધો નહોતો. એટલામાં બેએક વાર મહાવીર જે કાંઈ ભાખે છે તે સાચું પડે છે એટલે ગોશાલકનો નિર્ણય પાકો થાય છે અને એનું તથા મહાવીરનું સહજીવન શરૂ થાય છે.

આ સહજીવન દરમિયાન મહાવીરની અનેક સિદ્ધિઓથી ગોશાલક અંજાતો રહે છે અને ધીરે ધીરે પોતે પણ તપ કરીને ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે. પરંતુ મહાવીરના સાધનામાર્ગમાં તપ તથા

તિતિક્ષાની અત્યધિકતા ન સહન થતાં છેવટે મહાવીરથી તે જુદો પડે છે. એ બંને વચ્ચેના મતભેદમાં જવું અહીં અપ્રસ્તુત છે.

ત્યાર બાદ સોળ વર્ષ પછી બંનેની પાછી મુલાકાત શ્રાવસ્તીમાં થાય છે. તે દરમિયાન, ગોશાલક પણ જિનપદ ધારણ કરી આજીવિક સિદ્ધાંતને ઉપદેશતો ફરતો હોય છે અને જિન, કેવલી, અરિહંત, સર્વજ્ઞ વગેરે વિશેષણોથી ખ્યાતનામ થયો હોય છે. મહાવીર શ્રાવસ્તીમાં આવે છે ત્યારે ગોશાલક પણ ત્યાં જ હોય છે. એક વખતે ભિક્ષાર્થે આવેલા મહાવીરના શિષ્ય આનંદ મુનિને ગોશાલક કહે છે કે, ''તારા ધર્માચાર્યને કહેજે કે મારી બદબોઈ કરીને મને છંછેડશો તો મારા તપના તેજ વડે હું તેમને બાળીને ભસ્મ કરીશ.''

આ સાંભળી ભયભીત આનંદ ઝટપટ પોતાના ઉતારે આવી ગુરુને વાત કરી પૂછે છે કે, ''શું ગોશાલક તમને બાળી શકે ?''

''પોતાના તપના તેજ વડે ગોશાલક ગમે તેને ભસ્મ કરી નાખવા સમર્થ છે, એ વાત સાચી છે. પણ મને એ બાળીને ભસ્મ ના કરી શકે, કારણ કે ક્ષમાના બળને લીધે અરિહંત ભગવંતોનું બળ અનંતગણું હોય છે. તેમને દારુણ દુઃખ પહોંચાડી શકે, પણ મારી ના શકે.''

આટલી વાતચીત થાય છે એટલામાં તો ગોશાલક પોતાના શિષ્યપરિવાર સાથે આવી ચઢે છે અને સ્વયં ભગવાન સાથે વાદવિવાદમાં ઊતરે છે. મહાવીરના બીજા શિષ્યો ગોશાલકને રોકવા જાય છે તો તપના તેજથી એક જ પ્રહારે બાળીને ભસ્મ કરી નાખે છે. તે વખતે મહાવીર તેને વારવા જાય છે, તો તેમના વધ માટે તેજોલેશ્યા કાઢે છે. પણ એ મહાવીરને કશી આંચ પહોંચાડી શકતી નથી બલ્કે ગોશાલકના જ શરીરમાં પાછી દાખલ થાય છે. આથી છંછેડાઈ કહે છે, ''તું છ મહિનાના અંતે

પિત્તજ્વરના દાહની પીડાથી મરણ પામીશ.''

''ના, ગોશાલક, છ મહિના પછી નહીં, સોળ વર્ષ સુધી તીર્થંકરપણે વિચર્યા બાદ હું મૃત્યુ પામીશ, પણ તું પોતે જ તારા તેજથી પરાભવ પામી સાત રાત્રીને અંતે મૃત્યુને વરીશ.'' શાંતિથી મહાવીર સ્વામી બોલે છે.

જૈન કથા કહે છે કે સાત રાત પૂરી થતાં, ગોશાલક મરણ પામે છે. આ બાજુ મહાવીરને પણ પિત્તજ્વરનો દાહ ઊપડે છે. લોકોને થાય છે કે ગોશાલકના કહ્યા પ્રમાણે મહાવીર મૃત્યુ પામશે. તે જ અરસામાં મહાવીરના પૂર્વકાળના જમાઈ જમાલિ પણ મોટી સંખ્યાના અનુયાયીઓને લઈને મહાવીરથી છૂટા પડે છે. આથી, ચારે તરફ અફવા ફેલાઈ જાય છે કે મહાવીર સ્વામી પોતે મરવા પડ્યા છે અને તેમનો સંઘ વેરણછેરણ થઈ જાય છે.

પરંતુ ભવિષ્ય ભાખ્યા મુજબ મહાવીર ફરી સાજા થઈ જાય છે અને વળી પાછા વિહારયાત્રા શરૂ કરે છે. બે તપસ્વી સાધુ વચ્ચે થયેલા આ વાદવિવાદને લીધે લોકોમાં ચાલતી વાતો સાંભળી ભગવાનના એક શિષ્યને ખૂબ જ આઘાત લાગે છે, એને સમજાવતાં મહાવીર ફરી કહે છે કે, ''હું હમણાં કાંઈ મરવાનો છું નહીં. હજુ તો હું બીજાં સોળ વર્ષ જીવવાનો છું. માટે તું મેઢિક નગરમાં રહેતી રેવતી નામની ગૃહિણીને ત્યાં જા. તેણે મારા માટે રાંધીને ભોજન તૈયાર કર્યું છે. તેને કહેજે કે મારા માટે તૈયાર થયેલું ભોજન નહીં, પણ તેના પોતાના માટે જે ભોજન એણે બનાવ્યું છે તે તને આપે. તું એ મારા માટે લઈ આવ.''

મહાવીરે એ ભોજન લીધું પછી પેલો પીડાકારી રોગ શાંત થતો ગયો. ધીરે ધીરે ગુમાવેલી શક્તિ પણ પાછી આવતી ગઈ અને ચાતુર્માસ પછી વિહારયાત્રા પાછી ક્રમ મુજબ ચાલુ થઈ ગઈ.

# ૮. મહાપ્રયાણોત્સવ

ત્રીસ ત્રીસ વર્ષનાં વહાણાં વીતતાં જાય છે, સૂરજના સાતત્યપૂર્વક ધર્મયાત્રા નિરંતર ચાલ્યા કરે છે. આકાશમાંથી મેઘ વરસે તેમ જીવનના અર્ક સમો ધર્મોપદેશ ઝર્યા કરે છે, દીક્ષાઓ લેવાતી રહે છે, ચર્ચાઓ થતી રહે છે અને વાયુમંડળમાં તપસ્યામૂલક જીવનશૈલીનો એક અદ્‌ભુત સંચાર સર્વત્ર ફેલાયેલો જોવા મળે છે. ત્રીસ વર્ષની ભર યુવાન વયે થયેલા ગૃહત્યાગ પર હવે તો એકતાળીસ વર્ષનાં ચોમાસાં વહી ચાલ્યાં છે, ધર્મવિહાર રાજગૃહની આસપાસના પ્રદેશોમાં કરી ભગવાન નવી વર્ષાઋતુને વધાવવા પાવાપુરી તરફ આવી પહોંચે છે. તે કાળે પાવાપુરીમાં હસ્તિપાલ નામનો રાજા છે. રાજ્યના અધિકારીઓ માટેના એક મકાનમાં ભગવાનનો ઉતારો છે અને નિત સેવા નિત કીર્તન-ઓચ્છવ સ્વરૂપ ઉપદેશધારા સતત વહે છે.

બહારના ગૃહસ્થો, શ્રાવકો સાથે તો દિનભર જ્ઞાન-ચર્ચાઓ ચાલતી, પણ મોડી રાત સુધી પોતાના શિષ્યોને જીવનનું મોંઘેરું ભાથું બંધાવવું ચાલુ રહેતું. કેટકેટલા પ્રશ્નો, સંદેહો અને એ સૌના સમાધાનકારક પ્રત્યુત્તરો ! શિષ્યો સાથેની એ પ્રશ્નોત્તરીમાં જીવનનું પંચામૃત ઝરતું.

હવે તો શિષ્યો પણ સારી પેઠે તૈયાર થઈ ગયા હતા. શ્રાવસ્તી નગરના પ્રવાસ વખતે એમના પટ્ટશિષ્ય ગૌતમને પાર્શ્વનાથની પરંપરાના કેશીકુમાર શ્રમણ સાથે ધર્માલાપ થાય છે તે મહત્ત્વનો છે. પાર્શ્વનાથ તથા મહાવીર આ બંને તીર્થંકરો હોવા છતાં બંનેના સિદ્ધાંતમાં જે કાંઈ સૂક્ષ્મ ભેદ છે તેની આ પ્રમાણભૂત ચર્ચા લેખાય છે. વળી, આ ચર્ચા વિવાદને ખાતર કે એકબીજાને

ઉતારી પાડવા ખાતર હરગિજ થઈ નથી, એટલે વિચાર ગ્રહણ કરવાની મુક્તતા બંને પક્ષે છે. પાર્શ્વનાથે ચાર મહાસૂત્ર કહ્યાં, મહાવીરે એમાં 'બ્રહ્મચર્ય'નો પાંચમો સિદ્ધાંત શું કામ ઉમેર્યો? વળી અચેલક, વસ્ત્રરહિત રહેવાનો મહાવીરનો સિદ્ધાંત અને આંતર તથા ઉત્તરીય વસ્ત્ર પહેરવાની છૂટવાળો પાર્શ્વનો આચારવિધિ કેવો, આ બે ચર્ચાના મુખ્ય વિષય હતા. પાર્શ્વનાથ પરંપરાને વડીલ ગણી વિવેકી ગૌતમ કેશીકુમારના સ્થાને જાય છે. ચર્ચા દરમિયાન ગૌતમ સુંદર ખુલાસો કરે છે કે, ''ધર્મતત્ત્વનો નિર્ણય પ્રજ્ઞા વડે જ શક્ય છે. પાર્શ્વનાથના સમયના મુનિઓ 'ઋજુ જડ' એટલે કે સરળ પણ જડ હતા. એટલે તેઓ ધર્મ પાળી તો શકતા, પણ એ ધર્મના સિદ્ધાંતો સમજવા તેમને માટે મુશ્કેલ હતા. હવે મહાવીરના વખતના મુનિઓ 'વક્ર જડ' હતા, એટલે ધર્મના સિદ્ધાંતો તો તેઓ સમજી લેતા, પરંતુ એમને માટે ધર્મ પાળવો મુશ્કેલ હતો એટલે આ બંનેને પાંચ મહાવ્રતો સ્પષ્ટ કરીને દર્શાવવાં પડ્યાં. પાર્શ્વનાથના ઉપદેશ પછીના વચગાળાના ૨૨ તીર્થંકરોના સમયના મુનિઓ સરળ તેમ જ બુદ્ધિમાન હતા, તેથી તેમને બ્રહ્મચર્યવ્રત જુદું પાડીને કહેવાની જરૂર રહી નહીં.''

દિગમ્બરતા અંગે કહ્યું, ''પારમાર્થિક રીતે તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય આ ત્રણ જ મોક્ષનાં સાચાં સાધન છે, જે બાબતમાં બંને તીર્થંકર એકમત છે. બાકીનાં બાહ્ય વેષપરિવેષ તો પોતાના સંયમનિર્વાહમાં તથા સિદ્ધાંતપાલનમાં જાગૃતિ રહે એટલું જ તેનું મહત્ત્વ છે.'' કેશીકુમારને આ સંવાદથી સમાધાન થાય છે અને પાંચ મહાવ્રતવાળી પરંપરાનો એ શ્રદ્ધાપૂર્વક અંગીકાર પણ કરે છે.

મહાવીર સ્વામીના બત્રીસમા ચોમાસા દરમિયાન

પાર્શ્વનાથની પરંપરાના ગાંગેય શ્રમણ સાથેની પણ સુંદર પ્રશ્નોત્તરી છે. એમાં તો મહાવીરે પોતે જવાબો આપ્યા છે. ગાંગેય એ ચર્ચા દરમિયાન પૂછે છે, ''હે ભગવન્! આ બધું આપ સ્વયં જાણો છો કે અસ્વયં જાણો છો? – સાંભળ્યા સિવાય આ પ્રમાણે જાણો છો કે સાંભળીને જાણો છો?''

ત્યારે મહાવીર જવાબ આપે છે કે, ''હે ગાંગેય ! આ બધું હું સ્વયં જાણું છું. સાંભળીને કે કોઈનું ઉછીનું ઉધાર નથી જાણતો. કેવળજ્ઞાની સર્વ કાળના સર્વભાવ જાણે છે. તેને અનંત જ્ઞાન અને અનંત દર્શન છે. તેના જ્ઞાનદર્શનને કોઈ જાતનું આવરણ નથી.''

વર્ષો ઉપર વર્ષો વીતે છે. ધર્મોપદેશ ચાલે છે, દીક્ષાઓ લેવાતી રહે છે, જુદાં જુદાં સ્થળે ચાતુર્માસ થતા રહે છે. આ દરમિયાન ગૌતમ સ્વામીનો ખૂબ વિકાસ થાય છે. તેમની પાસે પણ અનેક લોકો દીક્ષા લે છે. ઘણી વાર તો એવું થતું કે હમણાં જ જે લોકોને ગૌતમે દીક્ષા આપી હોય, તેમને શુભ ભાવનાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ જાય, જ્યારે ગૌતમને પોતાને હજુ કેવળજ્ઞાન થયું નહોતું. આથી, એમને ભારે દુઃખ થતું. પૂર્વજન્મોનું કયું કર્મ નડી રહ્યું છે એ એમને સમજાતું નહીં. કદી કદી તો સાવ નિરાશ પણ થઈ જતા કે આ ભવમાં હું સિદ્ધ જ નહીં થાઉં કે શું? મહાવીર સ્વામી શિષ્યના ચિત્તમાં ચાલતા આ તુમુલ સંગ્રામથી અજાણ્યા તો કેમ જ હોય? એક વખતે કહે છે, ''ગૌતમ ઘણા લાંબા કાળથી તું મારી સેવા કરે છે. તું મને જ અનુસરે છે અને મને જ અનુકૂળ થઈને વર્તે છે. ગૌતમ ! તુરતના દેવભવમાં અને તુરતના મનુષ્યભવમાં તારી સાથે મારો સંબંધ છે. વધારે તો શું પણ શરીરનો નાશ થયા પછી આપણે બંને સરખા, એક પ્રયોજનવાળા તથા વિશેષતા અને ભેદરહિત સિદ્ધ થઈશું.''

અને ગૌતમનું હૃદય ઠરે છે અને વળી પાછો એ ધર્મ-પ્રવર્તનના કામમાં ડૂબી જાય છે. ભગવાનનાં છેલ્લાં છ વર્ષ વૈશાલી, કોશલ, મિથિલા, અંગદેશ, રાજગૃહ, નાલંદા વગેરે પ્રદેશોમાં વીત્યાં. રાજગૃહનું પતાવી ચાતુર્માસ માટે મહાવીર પાવાપુરી પહોંચે છે. પૃથ્વી પરનો આ તેમનો અંતિમ ચાતુર્માસ છે. કઠણ તપોસાધના અને સૂરજના સાતત્યપૂર્વક ચાલતી ધર્મયાત્રાને પરિણામે શરીર સારી પેઠે ઘસાયું પણ છે. પાવાપુરીના હસ્તિપાલ રાજાના કારકુનોની કચેરીમાં એમનો નિવાસ છે. અંતિમ સમય આવી પહોંચ્યો છે, એની જાણ એમને તો હોય જ ને! ઉપદેશધારા પ્રવેગે વહેતી રહે છે અને ક્ષણોક્ષણ જીવન અંતિમ ઘડી તરફ આગળ વધી રહ્યું છે.

દેહને નભાવવા પૂરતો આહાર લેવાતો તેય હવે તો સદંતર બંધ કરી દીધો. જીવનની સંધ્યાના વિરમતા રંગોમાં પણ ઉપવાસે એની પીંછી ફેરવી. હવે તો પ્રતિક્ષણ ઉપવાસ હતો. બે દિવસના ઉપવાસ થયા હતા અને રાત આગળ વધી રહી હતી. લાગતું હતું કે પ્રાણ છૂટવાની ઘડી હવે નજીક આવી રહી છે. બધા શિષ્યો ભગવાનને ઘેરી વળી ઊભા હતા. કેવળ પટ્ટશિષ્ય ગૌતમ ત્યાં હાજર નહોતો. ગૌતમને ગુરુ માટે અત્યધિક મમતા હતી. મમતાની આ પરાકાષ્ઠાને ભેદીને તે કેવળજ્ઞાન સુધી પહોંચી શકતો નહોતો, આ તથ્ય ગુરુ સમક્ષ ખૂલ્યું ના હોય તેવું તો કેમ બને? ગુરુ યોગ્ય ઘડીની રાહ જોતા હતા. પોતાના જીવનની અંતિમ ઘડી· આ સંક્રાંતિ માટે એમને યોગ્ય ઘડી લાગી અને એમણે ગૌતમને નજીકના ગામમાં દેવશર્મા નામના બ્રાહ્મણને ઉપદેશ આપવા મોકલી દીધો. સંભવ છે કે કેવળજ્ઞાન આડે આવતા મમતાના અંતિમ બંધનને છેદવા જ એમણે આ પગલું ભર્યું હોય !

દેહનાં બંધન છૂટી જવાની ક્ષણ નજીક ને નજીક આવતી ગઈ અને ભગવાને બેઠા થઈ પર્યંકાસન લીધું. ધીરે ધીરે વાણી-કાયા-મનના સ્થૂળ તેમ જ સૂક્ષ્મ અનુબંધોને રૂંધી, છેવટે છેદી નાખ્યા. આમ, ધ્યાન-સમાધિની સર્વોત્તમ કક્ષાએ પહોંચી સર્વ કર્મબંધ તોડી નાખ્યાં. કર્મબંધનનો છેલ્લો તંતુ તૂટ્યો અને આ બાજુ છેલ્લો શ્વાસ હેઠો બેઠો ! જીવનલીલા સંકેલાઈ ગઈ. સૂરજ આથમી ગયો. જૈનશાસ્ત્રના સૂત્રકાર નોંધે છે કે; ''બધી ગ્રંથિઓને પાર કરી ગયેલા તે પ્રભુને હવે ફરી જન્મ તેમ જ મરણ પામવાપણું રહ્યું નથી.'' જીવનની ક્ષણેક્ષણ પ્રદીપ્ત અગ્નિની તેજોશિખા બનીને જન્મજન્માંતરનાં કર્મોને બાળતી રહી અને સાથોસાથ બીજાનાં પણ કર્મબંધન તૂટે તે માટે અજવાળાં પાથરતી રહી. જ્યાં સુધી પૃથ્વી ઉપર એક પણ માણસ શ્વસતો હશે, ત્યાં સુધી મહાવીર પ્રભુએ વહાવેલી જ્ઞાનગંગા માનવયાત્રાના ઊર્ધ્વારોહણ માટે પાથેયરૂપ બની રહેશે.

ગૌતમને ભગવાનના મહાનિર્વાણના સમાચાર પાછા ફરતાં રસ્તામાં જ મળે છે અને એ તો ભાંગીને ઢગલો થઈ જાય છે. છેવટની ઘડીએ જ પ્રભુએ મને દૂર કરી દીધો ? શ્વાસોશ્વાસની જેમ સતત છાતીએ વળગાડેલો રાખ્યો. મને સતત આશ્વાસન આપ્યા કર્યું કે, ''હે ગૌતમ, સિદ્ધિમાં પણ આપણે બંને સાથે જ રહીશું'' તે મહાપ્રભુ મને આમ અધવાટે મૂકીને ચાલ્યા ગયા ? હજી તો મને કેવળજ્ઞાન પણ પ્રાપ્ત થયું નથી. જે એમની હાજરીમાં મને ન લાધ્યું તેની આશા હવે શી રાખવાની ?'' આમ, હૃદયમાં વાવાઝોડું ઊઠ્યું. એક બાજુ અફસોસ, વલવલાટ તો બીજી બાજુ શ્રદ્ધા વારંવાર માથું ઊંચકતી પડઘા પાડતી હતી કે, ''સિદ્ધિમાં આપણે બંને સાથે રહીશું'' ભગવાન ખોટું, મિથ્યાવચન તો બોલે જ નહીં, એમનાં

વચન તો અમોઘ વચન, લક્ષ્યસિદ્ધ વચન !

અને એના હૃદયનું આ તુમુલ તોફાન જ એના આસક્તિનાં બંધનો છેદવા નિમિત્ત બન્યું. એકાએક એમના ચિત્તમાં અજવાળું થયું. ''મહાવીર ભગવાન ઉપર જ બધું છોડી દઈ, હું સાવ નિશ્ચિંત થઈ બધો પુરુષાર્થ છોડીને બેસી ગયો હતો. મારા માટે 'કેવળજ્ઞાન' સાધ્ય નહોતું રહ્યું, 'પ્રભુ પોતે જ' સાધ્ય થઈ ગયા હતા. કેવળજ્ઞાન માટે મેં કદી કમર કસી જ નહોતી. આ બાબત તરફ ભગવાને એમના જીવતાં ધ્યાન દોર્યું હોત તો કદાચ મમત્વના અંધાપામાં એ હું ના સમજી શકત. એટલે પ્રભુએ પોતાના મૃત્યુની અંતિમ ક્ષણે મને દૂર રાખી જીવનના આ મહાસત્યને સમજાવ્યું છે !''

વિચારોના મહાસગારમાં ખોવાઈ ગયેલા ગૌતમના અંતર પરનો આસક્તિનો છેવટનો કર્મબંધ ખસી જાય છે અને તે જ ક્ષણે એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી તો જ્ઞાનીનો જે વિહાર તે જ ગૌતમનો વિહાર બન્યો. મહાવીર સ્વામીના વિચારતત્ત્વને સર્વત્ર ફેલાવતા બાર બાર વર્ષ સુધી તેઓ ફર્યા. અને અંતે રાજગૃહ નગરમાં એક માસના અનશન કરી સંથારા-પદ્ધતિથી દેહત્યાગ કર્યો.

આસો વદ અમાસ એટલે કે દીપાવલીનો દિન. એ ભગવાનનો મહાપ્રયાણ દિન છે. તે રાતે એમણે સ્થૂળ જીવનની લીલા સંકેલી કેવળ પ્રકાશની કાયામાં કાયારહિત પ્રવેશ કર્યો. એક રીતે જોઈએ તો મહાવીર પૂર્ણવિરામ પણ છે અને બીજી રીતે જોઈએ તો તેઓ આરંભનાય આરંભ એવા પ્રારંભ છે. એક મહાન સંસ્કૃતિના તેઓ અંતિમ તીર્થંકર ગણાય છે. જૈન વિચાર અને પરંપરાનો કાળ ઓછામાં ઓછો દશ લાખ વર્ષ જૂનો છે, આટલા દીર્ઘ કાળ સુધી જૈન વિચારનો મહાસાગર હિલોળા

મારતો રહ્યો અને એ મહાસાગરના ઊંચાંમાં ઊંચાં ઊઠેલાં મોજાં સ્વરૂપે મહાવીર સ્વામીનો આવિર્ભાવ થાય છે. મહાવીર પ્રભુના ગયા પછી પણ એમણે આપેલો ધર્મસંદેશ, એમને જડેલું જીવનસત્ય–અમર માનવજીવનને નવી દિશા આપી શકે તેવું સમર્થ પણ છે. અને મહાવીરે કદી કોઈ ભગવાનને જાણ્યો નથી, એમને તો રસ હતો સત્‌માં. એ સત્‌ની સત્તાને જાણવી, સમજવી અને એમાં જ સ્થિર થવું, સંલ્લીન થવું. આ સત્‌ની સત્તાનો ભરોસો એ જીવનનો મોટો ભરોસો છે, પાયાનો ભરોસો છે. મહાવીર સ્વામીના ચારિત્ર્યની કેન્દ્રવર્તી કોઈ ચીજ હોય તો તે છે આ સત્ પરનો ભરોસો. આ ભરોસામાંથી જન્મે છે સ્વીકાર. આજે શું વ્યક્તિગત જીવનમાં કે શું સામાજિક જીવનમાં, માનવમાત્ર આજે વલખાં મારે છે, તરફડી રહ્યો છે. એને જોઈએ છે કાંઈક અને એ ફાંફાં મારે છે બીજે ક્યાંક. મહાવીર પ્રભુએ પ્રબોધેલો ધર્મસંદેશ અને અનુભવેલો સત્યવિશ્વાસ જો લોકોમાં રજમાત્ર પણ ઊતરે તો કળિયુગ પલકમાં સતયુગ થઈ જાય. મહાવીર સ્વામીની વિચારધારા એક વૈજ્ઞાનિક વિચારધારા છે, તદુપરાંત માનવતાને એક ડગલું ઉપર ચઢાવે તેવી માનનીય વિચારધારા છે. માનવસમાજ જો સમજુ હોય, શાણો હોય તો એના એક પિતાએ વારસામાં આપેલી આ વિચારધારાને 'સંઘર્ષ નહીં, પણ સ્વીકાર' સામાજિક જીવનમાં પારસ્પરિકતામાં ઉતારવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

પંથ નવો છે, નિરાળો છે, વણખેડાયેલો છે, પણ એટલે જ એમાં સૌંદર્ય છે, પુરુષાર્થ છે, સાહસ છે, વીરતા છે અને કદાચ પ્રકાશ પણ છે. જે પ્રયોગે મહાવીર સ્વામીના વ્યક્તિગત જીવનમાં પ્રાણ પૂર્યો, તેજ ભર્યું, મુક્તિની દિશાઓ ખોલી આપી, તે શું સામાજિક જીવનને ઉજાળવામાં પાછું પડશે ?

મુક્તિની અભિલાષા હોય, સ્વાતંત્ર્યની ઝંખના હોય, સ્વરાજ્યની અભીપ્સા હોય તો મહાવીર સ્વામીને યાદ કર્યે જ છૂટકો છે !

## ૯. મહાવીર વાણી

ધર્મ સર્વશ્રેષ્ઠ મંગળ છે. એ ધર્મ છે: અહિંસા, સંયમ અને તપ. જે માણસનું મન આ ધર્મમાં સદા જોડાયેલું રહે છે, તેને દેવતા પણ નમસ્કાર કરે છે.

* * *

બધા જીવોની સાથે સંયમથી વ્યવહાર રાખવો એનું નામ અહિંસા છે. એ બધાં સુખોની આપનારી છે.

* * *

સંગ્રહ કરવો એ અંદર રહેલા લોભનો જ ફણગો છે. તેથી હું માનું છું કે જે સાધુ મર્યાદા વિરુદ્ધ કોઈ પણ વસ્તુનો સંગ્રહ કરે છે તે ગૃહસ્થ છે, સાધુ નથી.

* * *

શાંતિથી ક્રોધને મારો; નમ્રતાથી અભિમાનને જીતો; સરળતાથી માયાનો નાશ કરો અને સંતોષથી લોભને કાબૂમાં લાવો.

* * *

જેવી રીતે દોરી પરોવેલી સોય પડી ગયા પછી ખોવાઈ જતી નથી એવી રીતે સસૂત્ર એટલે કે શાસ્ત્રજ્ઞાનયુક્ત જીવ સંસારમાં હોવા છતાં નાશ પામતો નથી.

* * *

ચારિત્ર્યસંપન્નનું અલ્પમાં અલ્પ જ્ઞાન પણ ઘણું કહેવાય અને ચારિત્ર્યવિહીનનું ઘણું શ્રુતજ્ઞાન પણ નિષ્ફળ છે. અશુભની નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ વ્યવહાર એ ચારિત્ર્ય છે.

* * *

એક તરફ સમ્યક્ત્વનો લાભ અને બીજી તરફ ત્રૈલોક્યનો લાભ થતો હોય તો ત્રૈલોક્યના લાભથી સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે.

* * *

સમ્યક્ત્વ વિનાની વ્યક્તિ હજારો કરોડો વર્ષ સુધી રૂડી રીતે ઉગ્ર તપ કરે તોપણ બોધિ પ્રાપ્ત કરતી નથી.

* * *

રત્નત્રયમાં સમ્યગ્દર્શન જ શ્રેષ્ઠ છે અને આને જ મોક્ષરૂપી મહાવૃક્ષનું મૂળ કહેવામાં આવ્યું છે.

* * *

વ્યવહારનયથી જીવાદિ તત્ત્વોમાં શ્રદ્ધા રાખવી એને જિનદેવે સમ્યક્ત્વ કહ્યું છે. નિશ્ચયનયથી તો આત્મા જ સમ્યગ્દર્શન છે. ધર્મ વગેરેની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે.

* * *

ચારિત્ર્ય વિનાનું જ્ઞાન, સમ્યગ્દર્શન વિનાનું મુનિપણું અને સંયમ વિનાનું તપશ્ચરણ નિરર્થક છે.

* * *

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - આ છે પાંચ મહાવ્રત.

* * *

અહિંસા તમામ આશ્રમોનું હૃદય, તમામ શાસ્ત્રોનું રહસ્ય તથા તમામ વ્રતો અને ગુણોનો પિંડભૂત સાર છે.

* * *

સર્વ જીવો જીવવા માગે છે, મરવા નહીં. એટલા માટે પ્રાણવધને ભયાનક જાણી નિર્ગ્રંથ એને વર્જે છે, છાંડે છે.

* * *

તમે પોતાને માટે જે ઈચ્છતા હો તે બીજાને માટે પણ ઈચ્છો અને જે તમારા પોતાને માટે ન ઈચ્છતા હો એ બીજા માટે પણ ન ઈચ્છો. આ જ જિનશાસન તીર્થંકરોનો ઉપદેશ છે.

* * *

આ કામભોગો ક્ષણભર સુખ અને દીર્ઘકાળ દુઃખ આપનારા છે, ઝાઝું દુઃખ અને થોડું સુખ દેનારા છે, સંસારથી છૂટવામાં બાધક છે અને અનર્થોની ખાણ છે.

* * *

ખૂબ શોધવા છતાં કેળના ઝાડમાં જેમ કોઈ સારભૂત વસ્તુ દેખાતી નથી તેમ, બરાબર તેમ, ઇંદ્રિયોના વિષયોમાં પણ કશું સુખ દેખવામાં નથી આવતું.

* * *

ખૂજલીનો રોગી ખંજાળે ત્યારે દુઃખને પણ સુખ માને છે. બરાબર એ પ્રમાણે મોહાતુર મનુષ્ય કામજનિત દુઃખને સુખ માને છે.

* * *

અળશિયું જેવી રીતે મુખ અને શરીર – બંને વડે માટી સંચય કરે છે તેવી રીતે વૃદ્ધ મનુષ્ય રાગ અને દ્વેષ બંને વડે કર્મમળનો સંચય કરે છે.

રાગ અને દ્વેષ કર્મનાં બીજ છે. કર્મ મોહથી ઉત્પન્ન થાય છે.

એ જન્મ-મરણનું મૂળ છે. જન્મ-મરણને દુ:ખનાં મૂળ કહેવામાં આવ્યાં છે.

* * *

રાગ વગેરેની અનુત્પત્તિ અહિંસા છે. અને એની ઉત્પત્તિ હિંસા છે. હિંસા કરવાના વિચારથી જ કર્મબંધ થાય છે. ભલે પછી કોઈ જીવ મરે કે ન મરે. માટે પ્રમાદ છે ત્યાં નિત્ય હિંસા છે.

* * *

આ પાંચ કારણોને લીધે શિક્ષા પ્રાપ્ત થતી નથી. ૧. અભિમાન, ૨. ક્રોધ, ૩. પ્રમાદ, ૪. રોગ અને ૫. આળસ.

* * *

ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ સત્ય, ઉત્તમ શૌચ, ઉત્તમ સંયમ, ઉત્તમ તપ, ઉત્તમ ત્યાગ, ઉત્તમ આકિંચન્ય તથા ઉત્તમ બ્રહ્મચર્ય આ દશ પ્રકારનો ધર્મ છે.

* * *

કુલ, રૂપ, જાતિ, જ્ઞાન, તપ, શ્રુત અને શીલનો જે શ્રમણ જરા જેટલો પણ ગર્વ નથી કરતો તે તેનો માર્દવ ધર્મ કહેવાય.

* * *

જે કુટિલ વિચાર, કુટિલ કાર્ય કે કુટિલ વાણી બોલતો નથી, અને પોતાના દોષો છુપાવતો નથી તેનો એ આર્જવધર્મ કહેવાય.

* * *

સત્યમાં તપ, સંયમ અને બાકીના તમામ ગુણો વસે છે.

* * *

આ સંસારમાં જીવને નીચેની ચાર વસ્તુઓ પ્રાપ્ત થવી અતિ દુલર્ભ છે : (૧) મનુષ્યપણું (૨) સદ્ધર્મનું શ્રવણ (૩) શ્રદ્ધા અને (૪) સંયમમાં પુરુષાર્થ.

મનુષ્યનું જીવન, દિવસ જતાં પીળું થઈ ખરી પડતા ઝાડના પાન જેવું અને દાભની અણી ઉપર લટકી રહેલા ઝાકળના ટીપા જેવું ક્ષણિક તથા અલ્પજીવી છે, વળી તે અનેક વિઘ્નોથી ઘેરાયેલું છે. માટે હે ગૌતમ ! એક ક્ષણ પણ પ્રમાદ ન કર, અને પૂર્વે એકઠાં કરેલાં કર્મોને ખંખેરી નાખ !

* * *

કામગુણો જ સંસારના ફેરા છે, સંસારનાં મૂળ સ્થાનો છે. પણ કામો પૂર્ણ થવાં અશક્ય છે કારણ કે માણસનું જીવન અલ્પ છે. કામકામી મનુષ્યના શોકનો કદી અંત નથી, કારણ કે તે ચાળણીમાં પાણી ભરવાનો પ્રયત્ન કરે છે. અજ્ઞાની મનુષ્ય જ વિષયસુખોની પાછળ પડી અનેક પ્રકારની યોનિઓમાં જન્મમરણના ફેરા ફરતો હણાયા કરે છે.

જેઓ કામભોગને જીતી શકે છે તેઓ જ તેમનાથી પર વસ્તુને પ્રાપ્ત કરી શકે છે. પોતાનાં કર્મો ભોગવ્યા વિના કોઈનો છૂટકો જ નથી અને દરેકને તેનાં કર્મો અનુસાર જ દશા પ્રાપ્ત થાય છે. માટે જાગ્રત થાઓ ! વર્તમાનકાળ એ જ એકમાત્ર તક છે. માટે આત્મકલ્યાણ માટે તીવ્રતાથી કમર કસો.

* * *

વિવેકી પુરુષ અરતિને વશ થતો નથી; તેમ જ રતિને પણ વશ થતો નથી. તે ક્યાંય રાગ નથી કરતો. પ્રિય અને અપ્રિય શબ્દો અને સ્પર્શો સહન કરતો તે વિવેકી, જીવિતની તૃષ્ણાથી નિર્વેદ પામે છે.

* * *

ધર્મને જ્ઞાની પુરુષો પાસેથી સમજીને સંઘરી ન રાખવો. પરંતુ પ્રાપ્ત થયેલા મનગમતા સુંદર ભોગપદાર્થોમાં વૈરાગ્ય પામી લોકપ્રવાહને અનુસરવાનું છોડી દેવું. મેં જોયું છે અને સાંભળ્યું છે

કે સંસારમાં આસક્ત થઈ વિષયોમાં ખૂંપી રહેનારા મનુષ્યો ફરી ફરીને જન્મ પામે છે. તેવા પ્રમાદીઓને જોઈને બુદ્ધિમાન પુરુષે હંમેશાં સાવધાન, અપ્રમત્ત તથા પ્રયત્નશીલ રહી પરાક્રમ કરવું જોઈએ.

ફરી વાર જન્મ નહીં પામનાર વીર પુરુષોનો માર્ગ કઠણ છે. માંસ અને લોહીને સૂકવી નાખો !

* * *

મુમુક્ષુએ સૌ પ્રથમ જ્ઞાની પુરુષનું શરણ સ્વીકારવું અને હંમેશ તેમના સાન્નિધ્યમાં જ રહી, તેમણે બતાવેલા માર્ગને અનુસરવું. શ્રદ્ધાવાન, વિનયશીલ, મેધાવી, અપ્રમત્ત, વૈરાગ્યવાન, સત્યવક્તા, સંયમી, તપસ્વી અને ગુરુની કૃપા તથા આજ્ઞાનો વાંછુક એવો મુમુક્ષુ શિષ્ય ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવા તથા બીજાઓને પણ દોરવા શક્તિમાન થાય છે.

* * *

માન, પ્રમાદ, ક્રોધ, રોગ અને આળસ - આ પાંચ કારણોથી સાચું શિક્ષણ પ્રાપ્ત થતું નથી.

આ ૧૪ દોષોવાળો મુનિ અવિનીત કહેવાય છે, અને તે નિર્વાણ પામી શકતો નથી. વારંવાર ગુસ્સે થવું, ઝટ ક્રોધ શમવો નહીં, તિરસ્કાર કરવો, શાસ્ત્રજ્ઞાનનું અભિમાન, પર દોષનાં ગૂંથણાં ચૂંથવાં, પ્રિય મિત્રનું પણ પાછળથી ભૂંડું બોલવું, મિત્રદ્રોહ, કોઈ પણ બાબતમાં ઝટ સોગંદ ખાવા, લોભ, અહંકાર, ઇન્દ્રિયવિવશતા, એકલપેટો અને સૌનો અણગમતો.

* * *

હે ભાઈ, તારી જાત સાથે જ યુદ્ધ કર ! બહાર યુદ્ધ કરવાથી શું ? એના જેવી યુદ્ધને યોગ્ય બીજી વસ્તુ મળવી દુર્લભ છે.

* * *

વીરતા બે પ્રકારની કહેવાય છે. કેટલાક કર્મને વીર્ય કહે છે; જ્યારે કેટલાક અકર્મને વીર્ય કહે છે. પ્રમાદ એ કર્મ છે અને અપ્રમાદ એ અકર્મ છે. જે જે પ્રવૃત્તિઓ પ્રમાદયુક્ત અર્થાત્ સત્ય ધર્મથી વિમુખ છે, તે બધી કર્મરૂપ છે, તેથી ત્યાજ્ય છે. જે જે પ્રવૃત્તિઓ પ્રમાદરહિત અર્થાત્ સદ્ધર્માનુસાર છે, તે અકર્મ, અને તે કરવા યોગ્ય છે.

પ્રત્યેક પ્રાણીની શાંતિનો વિચાર કરીને તથા તેને બરાબર સમજીને હું કહું છું કે બધાં ભૂતપ્રાણીઓને પીડા, અશાંતિ કે ભય એ દુ:ખરૂપ છે. માટે મેધાવી પુરુષે તેમની હિંસા ન કરવી કે ન કરાવવી.

સંસારનું સંપૂર્ણ સ્વરૂપ સમજી, સ્થાવરજંગમ પ્રાણીઓના કલ્યાણ માટે હજારોની વચ્ચે ધર્મોપદેશ કરનાર એકાંત જ સાધી રહ્યો છે. કારણ કે તેની આંતરવૃત્તિ સમાન જ હોય છે. જો કોઈ શ્રમણ પોતે ક્ષાંત, દાંત, જિતેન્દ્રિય તથા વાણીના ગુણદોષ જાણનારો હોય, તો ધર્મોપદેશ આપવા માત્રથી તેને કશો દોષ લાગતો નથી.

જિતેન્દ્રિય પુરુષ છ જીવ વર્ગો, હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ, સ્ત્રી, માન અને માયાના ત્યાગરૂપી યજ્ઞ કરે છે. પાંચ મહાવ્રતોથી બરાબર સુરક્ષિત થઈ તે મહાયજ્ઞ કરે છે. આ યજ્ઞનો અગ્નિ તપ છે; જીવ એ અગ્નિસ્થાન છે, મન-વાણી-કાયાના યોગો તે ઋચાઓ છે, શરીર એ અગ્નિ સળગાવવાનું સાધન છે, તથા કર્મ એ લાકડાં છે. આવો સંયમ, યોગ અને શાંતિરૂપી હોમ હું કરું છું.

* * *

ધર્મ એ મારું જળાશય છે. બ્રહ્મચર્ય એ મારું શાંતિતીર્થ છે. તેમાં નાહીને નિર્મળ, વિશુદ્ધ તથા શાંત બની હું મેલનો ત્યાગ

કરું છું.

માત્ર માથું મૂંડાવાથી શ્રમણ થવાય નહીં, માત્ર ૐકારથી બ્રાહ્મણ થવાય નહીં, માત્ર અરણ્યવાસથી મુનિ થવાય નહીં અને માત્ર દાભનાં વસ્ત્રથી તાપસ થવાય નહીં. પણ સમતાથી શ્રમણ, બ્રાહ્મચર્યથી બ્રાહ્મણ, જ્ઞાનથી મુનિ અને તપથી તાપસ થવાય. કર્મથી જ માણસ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર હોય છે. શ્રેષ્ઠ ગુણોવાળા તથા સર્વકર્મોથી રહિત એવા બ્રાહ્મણો જ પોતાનો કે બીજાનો ઉદ્ધાર કરવા સમર્થ છે.

પરિગ્રહને કારણે જીવ હિંસા કરે છે, અસત્ય બોલે છે, ચોરી કરે છે, મૈથુન સેવે છે અને અત્યધિક આસક્તિ કરે છે.

* * *

જે પરિગ્રહની વૃદ્ધિનો ત્યાગ કરે છે તે જ પરિગ્રહને ત્યાગી શકે છે. જેની પાસે પરિગ્રહ નથી એ મુનિએ માર્ગનું દર્શન કર્યું છે.

* * *

પરિગ્રહ બે પ્રકારનો છે: આભ્યંતર અને બાહ્ય. આભ્યંતરમાં ૧. મિથ્યાત્વ, ૨. સ્ત્રીવેદ, ૩. પુરુષવેદ, ૪. નપુંસકવેદ, ૫. હાસ્ય, ૬. રતિ, ૭. અરતિ, ૮. શોક, ૯. ભય, ૧૦. જુગુપ્સા, ૧૧. ક્રોધ, ૧૨. માન, ૧૩. માયા, ૧૪. લોભ.

બાહ્યમાં ૧. ખેતર, ૨. મકાન, ૩. ધનધાન્ય, ૪. વસ્ત્ર, ૫. વાસણ, ૬. દાસદાસી, ૭. પશુ, ૮. વાહન, ૯. શય્યા, ૧૦. આસન.

* * *

જેવી રીતે હાથીને કાબૂમાં લાવવા માટે અંકુશ અને નગરની રક્ષા માટે ખાઈ છે, તેવી રીતે ઈન્દ્રિય-નિવારણ માટે પરિગ્રહનો ત્યાગ છે. પરિગ્રહ-ત્યાગથી ઈંદ્રિયો કાબૂમાં આવે છે.

* * *

ભગવાન મહાવીરે પરિગ્રહને પરિગ્રહ નથી કહ્યો. એ મહર્ષિએ મૂર્ચ્છાને પરિગ્રહ કહ્યો છે.

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

**ISBN 81-7229-237-6 (set)**